ॐ

॥ तस्य वाचकः प्रणवः ॥

ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



વર્ષ - ૩૦ (ઓક્ટો, નવે, ડિસે.)

VOL - XXX 2014-15 ISSUE-II

માનદ તંત્રી : નૈષધ વ્યાસ

સંકલન : ડૉ. સ. સ. ભિક્ષુ

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ૐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

ભાડું, માની કૂખનું

મ્યુનિસિપલ પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે કામ કર્યા બાદ નિવૃત્ત થયેલાં મધુબહેન પેન્શનની આવક ઉપર છેલ્લાં ચાર વર્ષથી એકાકી જીવન ગાળતાં હતાં. વિદેશમાં વસતો દીકરો આશિષ હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે જ પતિનું આકસ્મિક અવસાન થયું. પરંતુ મધુબહેન મજબૂત મનનાં હામ ન હાર્યાં, આકરી મહેનત કરી આશિષને ખૂબ સારી રીતે ભણાવ્યો અને ઈન્ફર્મેશન ટેક્નોલોજીમાં ઉચ્ચ કક્ષાની ડિગ્રી હાંસલ કરાવી. આશિષને પણ પ્રતિષ્ઠિત કંપનીમાં સારા પગારથી ઉચ્ચ હોદ્દાની સર્વિસ મળી ગઈ. મધુબહેને દીકરાને સારી રીતે પરણાવ્યો પણ ખરો ! લગ્ન બાદ બે વર્ષમાં જ સાસરીની સલાહ અને સહાયથી સારી જોબ મેળવી દીકરો આશિષ પત્ની દીપા સાથે અમેરિકા ઊપડી ગયો અને ત્યાં બહુ સારી રીતે સેટ થઈ ગયો. અમેરિકાથી દીકરા અને વહુનો ફોન અવારનવાર આવતો અને બંને માની ઔપચારિક ખબર પૂછી લેતાં.

બે દિવસથી ધોધમાર વરસાદે માઝા મૂકી હતી. ઠેકઠેકાણે પાણી ભરાઈ ગયેલાં. મધુબહેનના પોળના મકાનમાં પણ પાણી પડતું હતું. દીકરાનો અમેરિકાથી ફોન આવ્યો. મધુબહેન રાજીનાં રેડ થઈ ગયાં. દીકરાએ ખબરઅંતર પૂછતાં મધુબહેને પોતાની મુશ્કેલી જણાવતાં કહ્યું: ‘‘દીકરા, ઘરમાં પાણી પડે છે અને વરસાદના ભેજના કારણે જૂના મકાનમાં ગાબડાં અને તડો પડી ગઈ છે. દીવાલ ગમે ત્યારે ધસી પડે તેમ છે.’’ દીકરાએ કહ્યું: તો... બા, તું સોસાયટીમાં મેં દીપાના નામનો ફ્લેટ લીધેલો છે ત્યાં રહેવા જતી રહે. મધુબહેનને આનંદ આનંદ થઈ ગયો દીકરાની વાત સાંભળીને. પણ... તુરત જ દીકરાએ ધીમે રહીને ઉમેર્યું: ‘ભાડું જે તે સમજી લઈશું. મધુબહેન તો આ સાંભળી અવાક થઈ ગયાં, પણ તરત સ્વસ્થતા મેળવી લીધી અને હળવેથી બોલ્યાં : એ તો હું વિચારી જોઈશ. દીકરા, પણ તું આવડા મોટા દેશમાં ઘણા વખતથી રહે છે, તો તું ત્યાં જરા તપાસ કરી અને મને એટલું જણાવશે કે માની કૂખનું નવ માસનું ભાડું કેટલું થતું હોય છે ?’’ અને ફોન મૂકી દેતાં મધુબહેનની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.’

સૌજન્ય : કુંદન શાહ ‘હળવદ મિત્ર’ - વર્ષ ૧૦, અંક-૧, ઑગસ્ટ ૧૪માંથી સાભાર

● ઓમ્ પરિવારના ઉત્સવો ●

ઓમ્ ગુરુદેવ જયંતી	‘મણિબા ભવન’ કર્ણાવતી ફ્લેટની બાજુમાં, રાજેશ્વરી કોલોની સામે, ચંડોળા તળાવ પાસે, ઈસનપુર કાંસ ઉપર, મણિનગર, અમદાવાદ	૧૮-૧૦-૧૪ શનિવાર, સવારે૪-૩૦ થી ૮-૦૦
બેસતુ વર્ષ	નૈષધભાઈ વ્યાસ ૩, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ હાઈસ્કૂલની સામે, મણીનગર, અમદાવાદ-૮.	તા. ૨૪-૧૦-૧૪ શુક્રવાર, સવારે ૧૦-૦૦ થી ૨-૦૦

॥ ૐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

રુતમ્ભરા (ऋतम्भरा) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
બહુજનહિતાય-બહુજનસુખાય

શ્રી ગુરુદેવ શુભેચ્છા વર્ષ ૮૫મું
પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન

૨૭-૧૧-૨૦૧૩ **સંકલન - શશિકાંત પટેલ**

ઓમ્ પરિવારના આધ્યાત્મિક વડા પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજને વિક્રમ સંવત ૨૦૬૮, તારીખ ૯-૧૧-૨૦૧૨ને શુક્રવારના રોજ ચોર્યાસી વર્ષ પૂરાં થયાં અને પંચાસીમું વર્ષ શરૂ થયું, તે નિમિત્તે ભૌતિક જગતના ક્ષણભંગુર, ભ્રામક ભોગો અને મોહમાયાથી ઉપર ઊઠી જીવ-જગતના કલ્યાણ માટે જેમણે જીવન સમર્પિત કર્યું છે એવા લોકકલ્યાણના ભેખધારી પ્રણવ પરમાત્મામાં જ સદા લીન રહેતા યોગીરાજ પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજના પંચાસીમા વર્ષને સૌ ભક્તોએ ભેગા મળી "શ્રી ગુરુદેવ શુભેચ્છા વર્ષ ૮૫મું" તરીકે ઊજવવાનો પરમ કલ્યાણકારી શુભ સંકલ્પ કર્યો હતો. તેના અનુસંધાનમાં વર્ષ દરમ્યાન વિશ્વકલ્યાણના નિસ્વાર્થ શુભ આશયથી વિવિધ સાત્ત્વિક-આધ્યાત્મિક-આત્મોન્નતિદાયક કાર્યક્રમોનું આયોજન પૂજ્યશ્રીની પરમકૃપા-આશીર્વાદથી કરવામાં આવ્યું હતું. આમ, વિક્રમ સંવત ૨૦૬૯, તા. ૨૭-૧૧-૨૦૧૨ને મંગળવારે સ્વાધ્યાય-સત્સંગના કાર્યક્રમનો મંગલ પ્રારંભ થયો. તેની પૂર્ણાહુતિ વિક્રમ સંવત ૨૦૭૦ તા. ૨૭-૧૧-૨૦૧૩ને બુધવારના રોજ થઈ. આખા વર્ષ દરમ્યાન જે ગુરુપ્રેમી ભક્તોના ઘરે સ્વાધ્યાય-સત્સંગનો કાર્યક્રમ થયો, તે નીચે મુજબ છે.

(૧) ૨૭-૧૧-૨૦૧૨, મંગળવાર, ડૉ. શ્રી પરેશભાઈ સોમાભાઈ પટેલ - પલિયડનગર, નારણપુરા

(૨) ૨૭-૧૨-૨૦૧૨, ગુરુવાર, શ્રી દમાભાઈ પટેલ - ઘાટલોડિયા

(૩) ૨૭-૧-૨૦૧૩, રવિવાર, શ્રી સમીરભાઈ શાહ - વાડજ

(૪) ૨૭-૨-૨૦૧૩, બુધવાર, શ્રી બાપાલાલ સુખડીઆ પરિવાર - નિર્વિકલ્પ મુક્તિધામ, ડાકોર

(૫) ૨૭-૩-૨૦૧૩, બુધવાર, શ્રી બલદેવભાઈ પટેલ - ખંડેરાવપુરા - તા. કડી

(૬) ૧૪-૪-૨૦૧૩, રવિવાર, શ્રી થોભણભાઈ પટેલ પરિવાર - ઘાટલોડિયા

(૭) ૨૭-૪-૨૦૧૩, શનિવાર, શ્રી અમરતભાઈ પટેલ - નિધિ બંગલો, મીર્ચી રેડિયો ટાવર પાસે

(૮) ૨૭-૫-૨૦૧૩, સોમવાર, શ્રી ભાનુબેન ગણપતભાઈ પટેલ - નવસારી

(૯) ૨૭-૬-૨૦૧૩, ગુરુવાર, શ્રી મીનીષભાઈ બાબુભાઈ પટેલ - વસ્ત્રાપુર

(૧૦) ૨૭-૭-૨૦૧૩, શનિવાર, શ્રી પ્રકાશભાઈ બલદેવભાઈ પટેલ - ગોવિંદપુરા

(૧૧) ૨૭-૮-૨૦૧૩, મંગળવાર, એ.પી.પી. ટ્રસ્ટ ઓફિસ, - ઘાટલોડિયા

(૧૨) ૨૭-૯-૨૦૧૩, શુક્રવાર, શ્રી શશિકાન્ત પટેલ - ઘોડાસર

(૧૩) ૨૭-૧૦-૨૦૧૩, રવિવાર, શ્રી વીરેનભાઈ જોષી - ઘોડાસર

(૧૪) ૨૭-૧૧-૨૦૧૩, બુધવાર, શ્રી જિજ્ઞેષભાઈ સોમાભાઈ પટેલ - પલિયડનગર

આમ, આખા વર્ષદરમ્યાન સ્વાધ્યાય-સત્સંગના કુલ ચૌદ કાર્યક્રમોની ઉજવણી ખૂબ જ પ્રેમ-ઉત્સાહ-આનંદ અને

સમજણપૂર્વક એકસંપથી થઈ. આ પૈકીના ચાર કાર્યક્રમોની ઉજવણી અમદાવાદ બહાર થઈ.

શુભેચ્છા વર્ષની ઉજવણી નિમિત્તે પૂજ્યશ્રીના પંચાસીમા વર્ષ દરમ્યાન દર મહિનાની સત્તાવીસ તારીખે જે સ્વાધ્યાય-સત્સંગના કાર્યક્રમો યોજાયા તેની પૂર્ણાહુતિ નિમિત્તે તા. ૨૭-૧૧-૨૦૧૩ને બુધવારે, ડૉ. શ્રી સ. સ. ભિક્ષુજીના નિવાસસ્થાન, પલિયડનગર સોસાયટી, નારણપુરા મુકામે સ્વાધ્યાય-સત્સંગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જે ભક્તોએ વર્ષ દરમ્યાન ''ઓમ્ ગુરુ ઓમ્'' મહામંત્રના એક કરોડ કે તેથી વધુ વ્યક્તિગત જાપ કર્યા તે સૌને, તથા જેમને પોતાના ત્યાં સ્વાધ્યાયનો કાર્યક્રમ રાખ્યો હોય તેમને પણ તેની આરતી ઉતારવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થયો. તે સૌએ પરમ ગુરુદેવ તથા સદ્‌ગુરુદેવની આરતી ખૂબ જ ભક્તિભાવપૂર્વક ઉતારી. આ પ્રસંગે વર્ષ દરમ્યાન જે ભક્તોએ પોતાના આંગણે સ્વાધ્યાય-સત્સંગની ઉજવણીનો લાભ લીધો હતો તે સૌને, તથા જે ભક્તોએ વર્ષ દરમ્યાન એક કરોડ કે તેથી વધુ ''ઓમ્ ગુરુ ઓમ્'' મહામંત્રના વ્યક્તિગત જાપ કરેલાં તેમને તથા જેમણે વર્ષ દરમ્યાન બધા જ કાર્યક્રમોનો લાભ લીધો હોય તેમને સૌને શુભેચ્છા વર્ષની યાદગીરીમાં આશીર્વાદરૂપે પૂજ્યશ્રીના અતિસુંદર-દિવ્ય ફોટાની પ્રસાદી ટ્રસ્ટ દ્વારા આપવામાં આવી.

આ સ્વાધ્યાય-સત્સંગની પૂર્ણાહુતિના કાર્યક્રમમમાં પૂજ્યશ્રીએ વિડિયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા ઉપસ્થિત સૌ કોઈ ઉપર અપાર કૃપા વરસાવતાં આશીર્વચનની ગતગંગા વહાવી તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન.

સત્ય-ધર્મગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.

ઉપસ્થિત સર્વે સદ્‌ધર્મ પ્રેમીઓને વંદન-અભિનંદન-આશિષ.

આજે તારીખ સત્તાવીસ નવેમ્બર છે. આજના દિવસનું તમારા માટે વિશેષ મહત્ત્વ છે, કેમકે આજે અમારી જન્મતારીખ છે. દર વર્ષની જેમ આજે પણ મંજુબેનનો પરિવાર અમારી પાસે કેક લઈને આવ્યો હતો. અમે કેક કાપી, પછી તેઓ સૌ ધૂન બોલ્યાં. પછી અહીંથી ત્યાં તમારા સૌની સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત થયા. આજે અમેરિકામાં ગોપાલભાઈનો પરિવાર પણ આ નિમિત્તે કેક કાપવાનો છે. કેકની પ્રસાદી તમને સૌને મળે તે માટેની વ્યવસ્થા પણ તેમણે કરી છે. ભોજનપ્રસાદ વખતે તમને સૌને તે મળશે. અમારી જન્મતિથિ પ્રમાણે ઓગણત્રીસ ઓક્ટોબરના રોજ આસો વદ દશમ હતી. તે દિવસ દર વર્ષની જેમ તમે સૌએ ''ઓમ્ જયંતી'' તરીકે ખૂબ જ પ્રેમ-આનંદ-ઉત્સાહપૂર્વક ઊજવ્યો. તારીખ પ્રમાણે આજે સત્તાવીસ નવેમ્બરના રોજ અમને પંચાસીમું વર્ષ પૂરું થયું. હવે છ્યાસીમું વર્ષ શરૂ થયું, તો અમારા પૂરા પંચાસીમા વર્ષને તમે સૌએ ''શ્રી ગુરુદેવ શુભેચ્છા વર્ષ''તરીકે ખૂબ જ પ્રેમ-ધીરજ-ઉત્સાહપૂર્વક એક સંપથી ઊજવ્યું. પૂરા પંચાસીમા વર્ષ દરમ્યાન તમે સૌએ લોકકલ્યાણના શુભ આશયથી દર મહિને બે આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કરેલું. દર મહિને વદ દશમના દિવસે ટ્રસ્ટની ઓફિસે આધ્યાત્મિક રહસ્યોને ઉજાગર કરતા ''ગુરુમહિમા''ના અખંડ પાઠ, સાંજે ચારથી રાત્રીના બાર સુધી કરતા હતા. તથા દર મહિનાની સત્તાવીસ તારીખે જુદા જુદા ભક્તોના ઘરે સ્વાધ્યાય-સત્સંગ ''શ્રી આદ્યગુરુદેવ અભિષેકયજ્ઞ'' તથા વિડિયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા આશીર્વચનના કાર્યક્રમની ગોઠવણી કરી હતી. તદ્‌ઉપરાંત પૂરા પંચાસીમા વર્ષ દરમ્યાન સૌએ ભેગા મળી વિશ્વશાંતિની ભાવનાથી ''ઓમ્ ગુરુ ઓમ્'' મહામંત્રના સાડાઆઠ કરોડ જપ કરવાનો સંકલ્પ કરેલો. તમારા સૌના અતિઉત્સાહના કારણે પાછળથી એમ નક્કી થયું હતું કે આ જપ પંચ્યાસી કરોડ કરવાનો પ્રયત્ન કરવો, પછી પરમાત્માની જેટલી ઇચ્છા હશે તેટલા જપ થશે. આજના કાર્યક્રમમાં વર્ષ દરમ્યાન કેટલા કરોડ જપ થયા તેની જાહેરાત કરવામાં આવશે. આમ પૂરા પંચાસીમા શુભેચ્છા વર્ષ નિમિત્તે યોજવામાં આવેલ કાર્યક્રમોની પૂર્ણાહુતિ નિમિત્તે યોજવામાં આવેલ કાર્યક્રમોની પૂર્ણાહુતિ નિમિત્તેના કાર્યક્રમની ઉજવણી માટે તમે સૌ ભેગા થયા છો. અમારી પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની ખૂબ જ ઇચ્છા હતી, જેથી સૌને રૂબરૂ મળી ખબરઅંતર પૂછી શકાય. પરંતુ અવસ્થાના કારણે તબિયત નરમગરમ રહેતી હોવાથી ઉપસ્થિત રહી શકાયું નહીં. અમે ત્યાં આવીએ અને ઓચિંતી તબિયત બગડે, તો તમે સૌ હેરાન થાઓ, તમારા સૌનો ઉત્સાહ ભાંગી પડે. કાર્યક્રમનો સાત્ત્વિક આનંદ લઈ શકો

નહીં, તેથી ઉપસ્થિત રહ્યા નહીં, સૌ કોઈનું શરીર પ્રકૃતિના પંચમહાભૂતથી બનેલું છે. પ્રકૃતિ સતત પરિવર્તનશીલ છે. તે ક્યારે પણ એક અવસ્થામાં સ્થિર રહેતી નથી. તેથી સૌ કોઈને સમયનાં વહેણ સાથે વહેલી-મોડી આ સ્થિતિ આવે જ છે. કોઈ જ તેમાંથી બાકાત નથી. અમે તનથી ત્યાં હાજર નથી, પણ મનથી સતત તમારા સૌની સાથે જ છીએ. વળી, આજના કાર્યક્રમમાં આયોજકોએ ખૂબ જ સુંદર પ્રેરણાદાયક આયોજન કર્યું છે. વર્ષ દરમ્યાન જેમણે એક કરોડ કે તેથી વધુ જપ કર્યા હોય તેમને પૂર્ણાહુતિ નિમિત્તે પરમ ગુરુદેવ તથા સદ્ગુરુદેવની આરતી ઉતારવાનો અમૂલ્ય લાભ મળ્યો. સાથે સાથે તે સૌને તથા વર્ષ દરમ્યાન જે લોકોએ પોતાના ઘરે સ્વાધ્યાય-સત્સંગનો કાર્યક્રમ રાખેલ તે સર્વેને પ્રસાદીરૂપે ગુરુજીના ફોટાની પ્રસાદી આપવામાં આવી. એથી સૌ કોઈનો ઉત્સાહ વધ્યો. વળી, ૨૭ નવેમ્બર ૨૦૧૪ના દિવસે એટલે કે બરાબર એક વર્ષ પછી અત્યારે તમે સૌ ભેગા થયા છો તે જ સ્થળે "ગાયત્રી-મારુતિ હવન" કરવાની તથા વર્ષ દરમ્યાન કોઈ એક ઘરડા-ઘરમાં સ્વાધ્યાય-સત્સંગ કરવાના સંકલ્પની પણ જાહેરાત થઈ. આમ, આખું પંચાસીમું વર્ષ સૌએ ખૂબ જ પ્રેમપૂર્વક પુરુષાર્થ કરીને પરસ્પર સંપ અને સહકારની ભાવનાથી ઊજવ્યું તે બદલ સૌને અભિનંદન.

સૌ કોઈએ જીવનમાં એક વાત બરોબર યાદ રાખવાની છે કે જીવનમાં જે કાંઈ સત્કર્મ કરીશું તે કદી એળે જશે નહીં. યોગ્ય સમયે તેનું ફળ અવશ્ય મળશે જ. કર્મનો આ અફર સિદ્ધાંત છે. એથી જીવનમાં એવાં કર્મ પ્રેમથી કરીએ કે ફળસ્વરૂપ ફરીફરી ગર્ભવાસમાં આવવું પડે નહીં. જન્મ-મરણના ચકરાવામાંથી છૂટી જઈએ. જ્યાં સુધી એ ચકરાવામાં રહીશું ત્યાં સુધી શરીર ધારણ કરવું જ પડશે. જો શરીર ધારણ કરવુ પડશે, તો તેની સાથે બચપણ, કૌમાર્ય, જુવાની-બુઢાપો એ અવસ્થાઓ પણ જોડાયેલી જ રહેશે. શરીર ધારણ કરવા માટે ગર્ભવાસમાં આવવું પડશે. ગર્ભવાસની નરક સમાન અતિદારુણ યાતના ભોગવવી પડશે. જન્મ ધારણ કર્યા પછી બચપણમાં પરવશતાવશ લાચારીભર્યું જીવન જીવવું પડશે. ભૂખ લાગી હોય, તરસ લાગી હોય કે બીજી કોઈ પણ તકલીફ હોય, પણ તે અંગે કાંઈ કહી શકીએ તેમ ન હોવાથી જે કોઈ આપણું પાલનપોષણ કરતું હોય તે, જેમ રાખે તેમ રહેવું પડે. પછી સમજણા થઈએ એટલે જગતવહેવારમાં પડી જઈએ. આ વહેવારોને પાર પાડવા માટે જિંદગીભર ઘાણીના બળદની જેમ ફરતા રહીએ. આમ ને આમ બુઢાપો આવતાં શરીરમાં શિથિલતા આવે. આ સ્થિતિમાં આપણે જેના આશ્રિત હોઈએ તેના સહારે પરવશ જીવન જીવવું પડે. આમ ને આમ મૃત્યુ આવે. વળી પાછાં જન્મ-બચપણ, કૌમાર્ય, જીવન, બુઢાપો અને મૃત્યુ તથા તે દરમ્યાન અનેક યાતના-દુઃખો ભોગવવાનું ચક્કર ચાલ્યા જ કરે. વચમાં વચમાં જેમ આકાશમાં વાદળી આવીને થોડી વાર વરસી જાય તેમ સુખ આવતું રહે. પરંતુ સુખનું પ્રમાણ દુઃખની તુલનાએ ઘણું જ ઓછું હોય છે. જીવનમાં દુઃખનું પ્રમાણ જ વધુ હોય છે. આમાંથી છૂટવા માટે યોગીજનોએ, ગુરુસંતોએ મુક્તિ-મોક્ષ-કૈવલ્યની જે વાત કરી છે તે મનુષ્ય જન્મે જ પામી શકાય છે. યોગીજનોએ કુલ ચોર્યાસી લાખ યોની કહી છે. તેમાં મુખ્ય ત્રણ યોની છે. મનુષ્ય, પશુ અને પક્ષીઓની. આ ત્રણેય યોનીમાં ભય-મૈથુન-આહાર અને નિદ્રા - આ ચારેય કાર્ય બરાબર થતાં હોય છે. આ ત્રણ યોનીમાં પશુ-પક્ષીયોની માત્ર ભોગ યોની છે. તેથી આ બંને યોનીમાં મોક્ષપ્રાપ્તિ માટે કાંઈ જ થઈ શકતું નથી. પરંતુ યોનીગત ભોગો જ માત્ર ભોગવી શકાય છે. પરંતુ મનુષ્યયોની એક એવી યોની છે કે જેમાં મનુષ્ય મોક્ષ માટે વિચારી શકે છે, તેને પ્રાપ્ત કરવા પ્રેમે પુરુષાર્થ કરી શકે છે. તેથી મનુષ્યયોની શ્રેષ્ઠ કહી છે. જીવાત્મા ચોર્યાસી લાખ યોનીમાં ફરતો ફરતો, દુઃખો ભોગવતો ભોગવતો પરમાત્માની કૃપાથી સંચિત કર્મોના પ્રતાપે ચોર્યાસી લાખમી મનુષ્યયોનીમાં જન્મ પ્રાપ્ત કરે છે. મનુષ્યજન્મ પ્રાપ્ત તો થયો, પરંતુ આ જન્મે મોક્ષ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરી ન શક્યા અને મૃગજળ સમાન મોહમાયામાં, ભૌતિક ભોગો ભોગવવામાં જીવન પૂરું થયું. તો, આપણામાં અને પશુ-પક્ષીમાં ફેર શો ? આપણે પણ શિંગડાં-પૂંછડાં વગરનાં પશુ જ કહેવાઈએ. પરિણામે જન્મમરણના ચકરાવામાં ઘૂમતા જ રહીએ. હવે જો મનુષ્યજન્મે મોક્ષ પામવાના પુરુષાર્થના અભાવને કારણે મોક્ષ પામી ન શક્યા, તો જન્મ-મરણના ચકરાવામાં કર્માનુસાર કઈ યોની પ્રાપ્ત થશે તેની આપણને ખબર હોતી નથી. કેટકેટલાં દુઃખો સહેવાં પડશે તેની પણ ખબર હોતી નથી. પરવશ જીવન જીવવું પડે. જેના આશ્રિતો હોઈએ તે રાખે તેમ રહેવું પડે. તો, આ સ્થિતિમાંથી છૂટવા માટે મનુષ્યજન્મે સત્કર્મોનું આચરણ કરતાં કરતાં સદાચારી સંયમ-નિયમવાળું જીવન જીવવામાં

સાચો આનંદ પ્રાપ્ત કરવો અને આવું જીવન જીવવામાં જે કોઈ બાધક હોય તેનાથી સદાય દૂર રહેવું તે જ સાચી સમજદારી છે. જેમ સવારનો સૂરજ જગતમાં અજવાળું કરવા ઊગે છે, પરંતુ ઘુવડને સૂરજનો પ્રકાશ ગમતો નથી તેથી તે દુઃખી થાય છે, તેમ મોક્ષની ખેવનાવાળો સદાચારી મનુષ્ય કે જેને આ જન્મે જ મોક્ષ પ્રાપ્ત કરવાની પ્રબળ ખેવના છે તે કલ્યાણપથમાં આગળ વધવા માટે તેને અનુરૂપ જીવન જીવે છે. ઈર્ષાળુ લોકોને તે ગમતું નથી. તેથી તેઓ સદાચારીજનોના જીવનમાં વિઘ્ન ઊભાં કરી કલ્યાણપથમાં આગળ વધતા અટકાવવા અનેક યુક્તિ-પ્રયુક્તિ દ્વારા પ્રયત્ન કરે છે. તેથી સૌ કોઈએ સદાચારી જીવન ખૂબ જ સાવધાનીપૂર્વક જીવવાનું છે. કેમકે, ઈર્ષાળુ-સ્વાર્થી લોકો ઈર્ષાથી પ્રેરાઈ આપણને સદાચારી જીવન જીવવામાંથી પાછા વાળવા, પછાડવા ટાંપીને જ બેઠા હોય છે. આવા લોકોને સહેજ પણ તક મળતાં અનેક વિઘ્નો ઊભાં કરી કલ્યાણપથમાં આગળ વધવામાં આપણા માટે બાધક બને છે. તેથી આવા વિઘ્નસંતોષી લોકો તેમના બદઇરાદામાં ફાવી ન જાય તે માટે હરક્ષણે સતત જાગૃત રહેવું જરૂરી છે. પતંજલીમુનિએ કહ્યું છે કે ઈર્ષા મનુષ્યનો સ્વભાવ છે. તેથી આપણે પણ આપણી જાતનું અવલોકન કરવું જોઈએ કે આપણામાં પણ બીજાની પ્રગતિથી ઈર્ષા ઉદ્‌ભવતી નથી ને ? જો તેમ હોય તો તેને સમજણપૂર્વક શીઘ્ર દૂર કરવા સભાનતાપૂર્વક સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. કહ્યું છે કે ઈર્ષા અને અગ્નિ સમાન છે. જે પદાર્થમાં અગ્નિ પ્રદીપ્ત થાય છે તે પદાર્થને જ પહેલાં બાળે છે. બીજા પદાર્થ તો અગ્નિના સંસર્ગમાં આવે તો જ બળે છે. આમ, મનુષ્યમાં ઉદ્‌ભવતી ઈર્ષા પહેલાં તે મનુષ્યને જ બાળે છે, અર્થાત્ દુઃખી કરે છે, પ્રગતિમાં અવરોધક બને છે. તેથી જીવન ખૂબ જ સાવધાનીપૂર્વક, સાચી સમજણથી જીવીએ તો જ જીવનમાં સાચાં સુખ-શાંતિ પામી શકાય, કલ્યાણપથમાં આગળ વધી શકાય. વળી, આપણે આપણી જાતનું પણ સતત નિરીક્ષણ કરતા રહેવું જોઈએ કે બીજાની પ્રગતિ જોઈને આપણે ખુશી થઈએ છીએ કે નહીં. જો ખુશ ન થઈએ તો સમજવું કે આપણે અધોગતિ તરફ જઈ રહ્યા છીએ. તેથી આપણા આ દુર્ગુણને શક્ય તેટલી ત્વરાથી આપણા મનમાંથી દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. પંરતુ, જો બીજાની ઉન્નતિ જોઈ આપણે કોઈ પણ અંગત સ્વાર્થ વગર ખુશ થઈએ તો સમજવું કે આપણી ઉપર પરમાત્માની કૃપા ઊતરી છે. આપણું જીવન ઉન્નતિના પંથે આગળ ધપી રહ્યું છે. જેમ કે, વેદ અને વેદાંત એટલે કે વેદના અંતભાગમાં જે કાંઈ કહેવામાં આવ્યું છે તે વેદાંત કહેવાય. તેવી જ રીતે જીવન અને જીવનાન્ત. તો હવે અમે તમને જે કાંઈ સાચી સમજણથી જ્ઞાનસભર વાતો કરી રહ્યા છીએ તે અમારા જીવનનો જીવનાંત છે. અમારા જીવનભરનાં ચિંતન-મનન-નિદિધ્યાસનનો અનુભવયુક્ત નિચોડ-અર્ક-સત્ત્વ રજૂ કરી રહ્યા છીએ. તેને બરાબર સમજી જીવનમાં ઉતારી સૌએ કલ્યાણપથમાં આગળ વધવા શુદ્ધ બુદ્ધિથી પુરુષાર્થ કરવો અનિવાર્ય છે. બુદ્ધિની શુદ્ધિ માટે ગાયત્રીમંત્ર શ્રેષ્ઠ છે. ગાયત્રીમંત્રનો ગુજરાતી ભાષામાં સરળ ભાવાર્થ છે : "હે પરમકૃપાળુ પરમાત્મા અમે તમારું ધ્યાન ધરીએ છીએ, આપ અમારી ઉપર કૃપા કરી અમારી બુદ્ધિમાં વસો - બુદ્ધિને પ્રેરો - બુદ્ધિને શુદ્ધ કરો." આમ ગાયત્રીમંત્રમાં બુદ્ધિની શુદ્ધિ માટે પરમાત્માને પ્રાર્થના કરવામાં આવી છે. તેથી ગાયત્રીમંત્ર મહામંત્ર છે. મોક્ષમાર્ગમાં આગળ વધી તે પ્રાપ્ત કરવાના પુરુષાર્થમાં ગાયત્રીમંત્ર સહાયતા કરે છે. મોક્ષને પ્રાપ્ત કરવો એટલે શું પ્રાપ્ત કરવું ? મોક્ષને પ્રાપ્ત કરવો એટલે આત્યંતિક સુખને પ્રાપ્ત કરવું. આત્યંતિક સુખ એટલે શું ? આત્યંતિક સુખ એટલે શાશ્વત સુખ કે જેની પ્રતિક્રિયા ક્યારે પણ દુઃખમાં પરિણમતી નથી. આત્યંતિક સુખ સિવાયનાં જગતનાં બીજાં બધાં જ સુખ અંતે દુઃખમાં પરિણમે છે. પતંજલીમુનિએ આ વાતને સમજાવતાં પાતંજલ યોગદર્શનના સાધનપાદના સૂત્ર ૧૫માં કહ્યું છે કે –

"પરિણામતાપસંસ્કારદુઃખૈર્ગુણવૃત્તિવિરોધાચ્ચ
દુઃખમેવ સર્વમ્ વિવેકિનઃ ।"

ભાવાર્થ : વિવેકીજનો માટે જગતનાં તમામ સુખો પરિણામદુઃખ, તાપદુઃખ અને સંસ્કારદુઃખરૂપે અને ગુણની દષ્ટિએ પણ દુઃખ છે.

આ વાતને આપણે દષ્ટાંત દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ. આપણે બગલાની પાંખ જેવું સફેદ ઇસ્ત્રીબંધ વસ્ત્ર પહેર્યું. આમ તે પહેરવાનું સુખ પ્રાપ્ત થયું. પરંતુ હરક્ષણે તે વસ્ત્ર મેલું થઈ રહ્યું છે, અંતે તેને ધોવાનું - ઇસ્ત્રી કરવાનું દુઃખ આવી પડે છે. આ થયું પરિણામદુઃખ.

આપણને પૈસા મળવાનું સુખ તો પ્રાપ્ત થાય, પણ આ પૈસા આપણી પાસેથી કોઈ છીનવી ન જાય માટે તેને

જાળવી રાખવા આપણે સતત ચિંતિત રહીએ છીએ. તે માટે આપણામાં સતત તાપ-પરિતાપ રહે છે. આ થયું તાપદુઃખ.

આપણે સારું સ્વાદિષ્ટ ભોજન જમ્યા. તે ભોજન જમવાનું સુખ પ્રાપ્ત થયું. હવે તે સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ આપણા મનમાં સંસ્કારરૂપે વસી ગયો. તેથી ફરી ફરી એવું સ્વાદિષ્ટ ભોજન કરવા માટે આપણું મન તે તરફ ખેંચાયા કરે છે, તે માટે આપણે સદા ઉત્સુક રહીએ છીએ. આ થયું સંસ્કાર દુઃખ.

દરેક શરીર ત્રિગુણયુક્ત હોય છે. એ ત્રિગુણ છે : સત્ત્વ-રજ અને તમ. દરેકેદરેક શરીરમાં આ ત્રિગુણની હાજરી તો હોય છે, પરંતુ તેઓ એકસમાન રીતે હોતા નથી. દરેક શરીરમાં એક ગુણ પ્રધાનપણે હોય છે, અને બીજા બે ગુણ ગૌણપણે રહેલા હોય છે. હવે ગૌણપણે રહેલા બંને ગુણ પ્રધાનપણે રહેલા ગુણને પછાડી પોતે પ્રધાન બનવા સતત ઘર્ષણ કરતા હોય છે. આમ, પ્રધાનગુણને ગૌણ બનાવી પોતે પ્રધાનરૂપે થવા સતત પ્રયત્ન કરતા હોય છે. આમ, ત્રિગુણમાં સતત ઘર્ષણ ચાલતું હોય છે. તે ઘર્ષણ પણ સતત દુઃખને આપનારું છે.

આમ, જગતનાં તમામે તમામ સુખો પરિણામરૂપે-તાપરૂપે અને સંસ્કારરૂપે તથા ત્રિગુણની દૃષ્ટિએ વિવેકીજનોને દુઃખ જ લાગે છે. પરંતુ, એક સુખ એવું છે કે જે શાશ્વત છે. તેને આત્યંતિક સુખ કહેવામાં આવે છે. આત્યંતિક સુખ એટલે જ મોક્ષ-મુક્તિ-કૈવલ્ય. પતંજલિમુનિએ યોગદર્શનમાં મોક્ષ માટે કૈવલ્ય શબ્દ વાપર્યો છે. કૈવલ્યનો અર્થ થાય છે કેવળ. પતંજલીમુનિએ કૈવલ્ય શબ્દ કોના માટે વાપર્યો છે ? પતંજલી મુનિએ કૈવલ્ય શબ્દ આત્મા માટે વાપર્યો છે. કૈવલ્ય - કેવળ એટલે માત્રને માત્ર આત્મા. ત્યાં નથી હોતી ઇન્દ્રિયો કે ભૌતિક જીવ-જગત કે નથી હોતા તેના ભોગો. ત્યાં પછી માત્ર આત્મા જ હોય છે. અર્થાત્, આત્મસ્થસ્થિતિ જ હોય છે. આ વાતને સમજાવતાં પતંજલીમુનીએ યોગદર્શનમાં સમાધિપાદના સૂત્ર નં.૩માં કહ્યું છે કે -

"તદા દ્રષ્ટુઃ સ્વરૂપે અવસ્થાનમ્"

ભાવાર્થ : આત્મસ્થસ્થિતિમાં (વૃત્તિઓના નિરોધ વખતે) જીવાત્મા પોતાના સ્વરૂપમાં સુસ્થિર હોય છે.

શુભેચ્છાવર્ષની ઉજવણીની પૂર્ણાહુતિના કાર્યક્રમમાં આજે મોક્ષની ખૂબ ગહન વાતો કરી રહ્યા છીએ. આખા પંચાસીમાં શુભેચ્છા વર્ષ દરમ્યાન તે અંગે ખૂબ ખૂબ વાતો કરી. સૌ કોઈ તેની ઉપર પ્રેમ અને આદરપૂર્વક ખૂબ ખૂબ ચિંતન-મનન કરી યોગ્ય રીતે સમજી જીવનમાં ઉતારવાનો સનિષ્ઠ પ્રયત્ન કરજો. જીવનનાં દરેક લૌકિક-વહેવારિક કાર્ય કરતાં મનુષ્યજન્મની સાર્થકતા મોક્ષમાં રહેલી છે એ વાતનું વિસ્મરણ ન થાય તે માટે ખૂબ જ સાવધાનીપૂર્વક તેને નજર સમક્ષ રાખજો. જેવી રીતે મા પોતાના બાળકને સુવડાવી શાક લેવા ગઈ હોય કે બીજા કોઈ કામમાં લાગેલી હોય, પરંતુ તેનું મન સતત પોતાના બાળકમાં જ લાગેલું હોય છે. તેના મનમાં સતત એ જ વાત રમતી હોય છે કે ક્યારે કામ પતાવીને બાળક પાસે પહોંચું. તેવી જ રીતે આપણે પણ જીવન વહેવારનાં દરેક કાર્ય કરતી વખતે તે જીવનનું મુખ્ય કાર્ય આ જન્મે મોક્ષને પ્રાપ્ત કરવાનું છે તે કદી પણ ભૂલવાનું નથી. જો આપણે આ જ જન્મે મોક્ષ પ્રાપ્ત કરવાનું લક્ષ રાખીશું અને કદાચ આ જન્મે નહીં પામી શકીએ તો પછીના જન્મોમાં તે પ્રાપ્ત થશે. પરંતુ, જો લક્ષ રાખ્યું જ નહીં હોય તો પછીનો જન્મ કઈ યોનીમાં થશે તેની તો આપણને ખબર નથી. કોઈ નીચી યોનીમાં થશે તેની તો આપણને ખબર નથી. કોઈ નીચી યોનીમાં જન્મ પ્રાપ્ત થશે તો દુઃખ અને માત્ર દુઃખ જ સહેવું પડશે. પછી પસ્તાવાનો વખત આવે. આમ, પરમાત્માની કૃપાથી મળેલ તકને અજ્ઞાનતાવશ વેડફી દીધા પછી આવી પડનાર દુઃખોના મારથી કોઈ બચાવી શકે નહીં. કહ્યું છે ને કે —

"અબ પછતાયે હોત ક્યા ? જબ ચીડિયા ચૂગ કઈ ખેત."

ખેતરમાં પાક તૈયાર થઈ ગયો. પરંતુ આપણે પ્રમાદવશ તેની જાળવણીમાં બેપરવાહ રહીએ અને પક્ષીઓ તે પાક ચણી જાય, પરિણામે આપણા હાથમાં કાંઈ જ ન આવે. તેવી જ રીતે પરમાત્માની કૃપાથી મનુષ્યજન્મ તો પ્રાપ્ત થયો, પરંતુ અજ્ઞાનતા અને પ્રમાદવશ મોક્ષપ્રાપ્તિ માટે કાંઈ જ પુરુષાર્થ ન કર્યો અને જન્મારો વેડફી નાંખ્યો અને પછી પસ્તાવો થાય, તોપણ જન્મ-મરણના ચકરાવામાંથી છૂટી શકાય નહીં. તેથી જ સૌએ આ જન્મે મોક્ષ પ્રાપ્ત કરવાનું લક્ષ રાખી તેને પામવાના પુરુષાર્થમાં ધીરજ અને પ્રેમપૂર્વક લાગી જવાનું છે.

પરમાત્માને ફરી ફરી પ્રાર્થના કરીએ કે સૌને એવી સદ્‌બુદ્ધિ શક્તિ આપો કે જેથી ગુરુ-સંતોનો જીવનમાં સદાય આદર કરી તેમના ચીંધ્યા માર્ગે મોક્ષના દ્વારે પહોંચવાનો પંથ, પ્રેમ અને ધીરજપૂર્વક કાપીએ, આગળ ધપીએ, તે પંથેથી

ક્યારે પણ પાછા વળીએ નહીં, જો આવી સમજણથી જીવન જીવીશું તો આ જન્મે નહીં તો પછીના કોઈ જન્મે મોક્ષ પ્રાપ્ત થશે. આ વાતને સમજાવવા નારદજીનું દૃષ્ટાંત આપીએ છીએ :

એક સમયે નારદજી જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. રસ્તામાં એક ઝાડ નીચે બે તપસ્વી મળે છે. તેઓ નાદરજીને કહે છે કે, ભગવાનને પૂછજો કે અમને મોક્ષ ક્યારે મળશે ? થોડા સમય પછી નારદજી પાછા આવે છે. એક તપસ્વીને કહે છે કે, આ ઝાડ ઉપર જેટલાં પાંદડાં છે તેટલા જન્મ પછી તને મોક્ષ મળશે. આ સાંભળી તપસ્વી ખુશ થઈ નાચી ઊઠે છે અને કહે છે કે, ભલે એટલા જન્મો પછી પણ મોક્ષ તો પ્રાપ્ત થશે. અને પછી પ્રેમપૂર્વક પોતાના તપસ્વીજીવનમાં લાગેલા જ રહે છે. પછી બીજા તપસ્વીને નારદજી કહે છે કે, તને ત્રણ જન્મ પછી મોક્ષ મળશે. એ સાંભળી તપસ્વી હરેરી જાય છે કે હજી પણ ત્રણ જન્મ પછી મોક્ષ મળવાનો હોય અને આ જન્મે મળવાનો ન હોય તો આ જપ-તપ કરવાનો શો અર્થ ? તે પોતાનું તપસ્વીજીવન ત્યજી દઈ સંસાર-વહેવારમાં પાછા વળી સંસારિક જીવન જીવવા માંડે છે. પરિણામે જન્મ-મરણના ચકરાવે ચડે છે.

આ દૃષ્ટાંત ઉપરથી સૌએ બોધ લેવાનો છે કે, જો આપણે ધીરજ ગુમાવ્યા વિના, પ્રેમપૂર્વક મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે તે મોક્ષપ્રાપ્તિના પ્રયત્નોમાં લાગેલા રહીશું તો, અંતે તે ક્યારેક તો પ્રાપ્ત થશે જ. પરંતુ નાસીપાસ થઈને, ધીરજ ગુમાવીને તે માર્ગ છોડી દઈશું તો, તે કદી પણ પ્રાપ્ત થશે નહીં. આમ, આપણા લક્ષને પ્રાપ્ત કરવામાં આપણી ધીરજની કસોટી છે. તેમાં સૌએ પાર ઊતરવાનું છે. અનુભવીઓએ કહ્યું છે કે —

"ધર્મ-ધીરજ-મિત્ર-અરુ નારી;
આફત કાલ પરીક્ષા ચારી".

જીવનમાં મુશ્કેલી આવે, આપણી પ્રગતિ અટકી જાય, આપણે નાસીપાસ થઈ જઈએ તે સમયે જ આપણી ધર્મ પ્રત્યેની નિષ્ઠા; ધીરજ; આપણા સ્નેહી-મિત્ર તથા પત્ની-આ ચારેય, આપણી મુશ્કેલ પરિસ્થિતિમાં આપણે ડગી ન જઈએ, ભટકી ન જઈએ તે માટે આપણને હિંમત-સાથ-સહકાર આપે તો જ તે ચારે સાચાં કહેવાય. તે ચારેયની આવા સમયે જ સાચી કસોટી થાય છે.

જીવનમાં એ વાત સતત યાદ રાખવાની છે કે, ધીરજપૂર્વક કલ્યાણપથમાં આગળ વધી મોક્ષ પ્રાપ્ત કરવા સતત પ્રયત્ન કરવાનો છે. જો તેમ ન કરી શક્યા તો આપણી સમજણનું દેવાળું કાઢ્યું ગણાય, ગુરુ-સંતોનું સાનિધ્ય સેવ્યું એળે ગયું ગણાય. આપણે જીવનમાં ગમે તેટલી ભૌતિક સંપત્તિ ભેગી કરીએ, પણ બચપણ-કૌમાર્ય-યુવાની અને બુઢાપો — આ ચારેય અવસ્થા શરીર સાથે જોડાયેલી જ છે. આપણી પાસે રહેલી અઢળક ભૌતિક સાધન-સંપત્તિ આપણને તેમાંથી છોડાવી-બચાવી શકશે નહીં. પછી ચાહે એ વડાપ્રધાન હોય કે સામાન્ય પ્રજાજન. જીવનમાં ખાવા-પીવા-ઊંઘવા તો સૌને જોઈએ છે. જીવનમાં માત્ર તે જ કર્યું તો તેવું જીવન જીવ્યાનો કોઈ અર્થ નહીં. જીવનની વિશિષ્ટતા તો એવું જીવન જીવવામાં છે કે ફરી જન્મધારણ ન કરવો પડે. તે માટે સતત પુરુષાર્થ કરીએ. આવું જીવન જીવતાં એ વાતે પૂરેપૂરા સાવધાન રહીએ કે આપણા આવા સદાચારી જીવનથી ઈર્ષાળુઓ ઈર્ષાને કારણે આપણને ચલિત ન કરે. આપણા આશ્રિતો એવા આપણા પરિવારજનો પણ આપણને સન્માર્ગે આગળ વધતા અટકાવવા વિઘ્નો ઊભાં ન કરે. મુખ્ય કહેવાનું શું છે ? મનુષ્યજન્મની સાર્થકતા મોક્ષને પ્રાપ્ત કરવામાં જ રહેલી છે. તેથી જ આ વાતને અમે, તમને સૌને આ વાતને સમજાવતાં જ્ઞાનીજનોએ જે કાંઈ કહ્યું છે તેઓનાં અવતરણો દ્વારા, અનેક દૃષ્ટાંતો દ્વારા યુક્તિ-પ્રયુક્તિથી ફરીફરીને સતત સમજાવી રહ્યા છીએ. તો પરમ કૃપાળુ પરમાત્માને ફરીફરી પ્રાર્થના કરીએ કે, મળેલ મનુષ્યજન્મે મોક્ષ પ્રાપ્ત કરી મનુષ્યજન્મ સાર્થક કરવા માટે યોગ્ય પુરુષાર્થ કરવા ખૂબ-ખૂબ શક્તિ-મતિ સૌને આપે.

આ જન્મે મોક્ષ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીશું, અને જો મોક્ષ નહીં મળે તો, આ જન્મે મોક્ષ માટે કરેલા પ્રયત્નોના કારણે આવતો જન્મ મનુષ્યનો જ મળશે એ ચોક્કસ. મનુષ્યજન્મની પ્રાપ્તિ એ પણ ઘણી મોટી પ્રાપ્તિ ગણાય.

ફરી ફરી સર્વેને ખૂબ ખૂબ આશિષ,
સર્વેને જય નારાયણ.

સત્ય-ધર્મગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય. ઓમ્ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર.

ઓમ્... ઓમ્... ઓમ્...

ધ્વજારોહણ મહોત્સવ (૩૫મો) તથા ભિક્ષુબોધોત્સવ - પલિયડ

તા. ૨૯-૧૨-૨૦૧૪, રવિવાર — સંકલન : શશિકાન્ત પટેલ

ઈ.સ. ૧૯૭૮ના ડિસેમ્બર માસમાં શ્રી નાથાભાઈ અમથાભાઈ પટેલના ખેતર, મુ. પલિયડ (વેડા) તા. કલોલ જિ. મહેસાણા મુકામે નવ દિવસની **'શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર'**નું ભવ્યાતિભવ્ય અલૌકિક આયોજન પરમ ગુરુદેવ ઓમ્ પરમાત્માની અસીમ કૃપા થકી પ.પૂ. સદ્ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની છત્રછાયામાં યોજવામાં આવેલ. તે સમયે આ સ્થળની ઓળખ 'નિર્વિકલ્પ મુક્તિધામ' તરીકે આપવામાં આવેલ. આ દિવ્ય પ્રસંગની યાદમાં દર વર્ષે ડિસેમ્બર મહિનામાં છેલ્લા રવિવારે આ સ્થળે સૌ ભક્તો ભેગા મળી પરમ ચૈતન્ય ઓમ્ પરમાત્માના પ્રતીકરૂપે ધ્વજારોહણ મહોત્સવની ઉજવણી ખૂબ જ ભક્તિભાવપૂર્વક કરે છે. તદ્ઉપરાંત શિષ્યોના હૃદયમાં શ્રી સદ્ ગુરુદેવ પ્રત્યે પ્રેમ-સમર્પણ-ધ્યાન (શ્રી સદ્ગુરુદેવમાં સંપૂર્ણ એકાકારપણું)ના ભાવો હિલોળા લેતા હોય છે તે સર્વે શિષ્યોના પ્રતિનિધિ તરીકે તથા સૌ સદ્ધર્મ પ્રેમીજનોને પ્રેરણા મળે તે હેતુથી પરમ કૃપા કરી પ.પૂ. સદ્ગુરુદેવે ત્રણ શિષ્યોનું અનુક્રમે 'શ્રી ગુરુપ્રેમ ભિક્ષુજી' (વિનુભાઈ શાહ - યુ.એસ.એ.) 'શ્રી સદ્ગુરુ સમર્પણ ભિક્ષુજી' (ડૉ. સોમાભાઈ પટેલ - અમદાવાદ) 'શ્રી ગુરુધ્યાન ભિક્ષુજી' (રોહિતભાઈ સુખડિયા - ડાકોર) આધ્યાત્મિક નામકરણ કરેલ તેના અનુસંધાનમાં 'શ્રી ભિક્ષુબોધોત્સવ'ની ઉજવણી પણ આ સાથે કરવામાં આવે છે. આ બે નિર્ધારિત કાર્યક્રમ ઉપરાંત વધારામાં જો કોઈ ભક્તની ઇચ્છા હોય અને અગાઉથી આયોજકોને જાણ કરી હોય તો બટુકને જનોઈ, બાલમુવાળા તથા લગ્નનું આયોજન કરવામાં આવે છે. લગ્નના આયોજનમાં વરવધૂ બન્ને પક્ષના વડીલોની હાજરી અનિવાર્ય હોય છે. જનોઈ, બાલમુવાળા તથા લગ્નનું બધું જ આયોજન નિઃશુલ્ક કરવામાં આવે છે. તે માટે ઉપસ્થિત સર્વે સ્વજનોના ભોજન-પ્રસાદની વ્યવસ્થા પણ ઉત્સવના આયોજક તરફથી કરવામાં આવે છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ પરમ ચૈતન્યસ્વરૂપ પરમગુરુદેવ ઓમ્ પરમાત્મા તથા પ.પૂ. સદ્ગુરુદેવની અહૈતુકી કૃપા-પ્રેરણાથી પાંત્રીસમો 'ધ્વજારોહણ મહોત્સવ' તથા 'ભિક્ષુ બોધોત્સવ' અને એક બટુકને જનોઈ આપવાના કાર્યક્રમનું આયોજન તા. ૨૯-૧૨-૨૦૧૩ને રવિવારના દિવસે કરવામાં આવેલ. તે પ્રસંગે ઉપસ્થિત સર્વે સદ્ધર્મ પ્રેમીજનોને પ.પૂ. સદ્ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજે ટેલિફોનના માધ્યમ દ્વારા જે આશીર્વચનની કરુણા વરસાવી તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ.પૂ. સદ્ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન

સત્ય-ધર્મગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો આપણી જય.

ઉપસ્થિત સર્વે સદ્ધર્મ પ્રેમીઓને વંદન-અભિનંદન-આશિષ. બડવાને (જેને જનોઈ આપવાની છે તે બટુકને) તથા તેની સાથે આવેલ પરિવારજનોને ખૂબખૂબ આશિષ.

અત્યારે તમે સૌ જે ખેતરમાં ઉપસ્થિત થઈ કુદરતી વાતાવરણનો ભરપૂર લાભ લઈ રહ્યા છો ત્યાં, વર્ષો પહેલાં નવ દિવસની **'ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબર'**નું આયોજન પરમાત્માની કૃપાથી કરવામાં આવ્યું હતું. શિબિરમાં ભાગ લેનાર સાધકો માટે ઘાસની એકસો કુટીર બનાવવામાં આવી હતી. કુટીરની અંદરની જમીન છાણથી લીંપવામાં આવી હતી. દરેક સાધકને એક એક કુટીર ફાળવવામાં આવી હતી. નવ દિવસ તેમાં રહી દરેક સાધકે સવારે તથા બપોરે ત્રણ-ત્રણ કલ્લાક ગાયત્રીમંત્રના જાપ કરવાના હતા. આ ઉપરાંત દરરોજ યોગ ઉપર પ્રવચન કરવામાં આવતું હતું. યોગનાં ઘણાં ગૂઢ રહસ્યોને શક્ય તેટલી સરળ રીતે સમજાવવામાં આવતાં હતાં. વળી, દરરોજ ક્યારેક પ્રભાતફેરી, તો ક્યારેક મધ્યાનફેરી, તો ક્યારેક સાયંફેરી કાઢવામાં આવતી હતી. દરેક શિબિરાર્થીઓ તથા સ્વયંસેવકોને સવારે દૂધ અને નાસ્તો તથા બપોરે અને રાત્રે જમવાનું આપવામાં આવતું હતું. આ બધું જ આયોજન સોળ વિઘાના ખેતરમાં કરવામાં આવ્યું હતું. શિબિરમાં ઉપસ્થિત સૌ કોઈ પાસે કોઈ જ મૂલ્ય લેવામાં આવ્યું ન હતું. બધો જ ખર્ચ આયોજકોએ ઉપાડી લીધો હતો. શરત એ હતી કે, સર્વેએ શિબિરમાં કાર્યક્રમો અને નિયમોને

નિષ્ઠાપૂર્વક અનુસરવાનું રહેતું. વળી, શિબિરમાં ઠેરઠેર સૂચનાનાં બોર્ડ લગાવવામાં આવેલાં કે કોઈએ ક્યાંય રૂપિયા-પૈસા-ભેટ મૂકવા નહીં. પત્રકારોએ આ શિબિરને 'સત્યુગની શિબિર' કહી ખૂબ જ પ્રસંશા કરેલ. તો આવી પવિત્ર, નૈસર્ગિક તપોભૂમિ પર તમે સૌ 'ધ્વજારોહણ તથા ભિક્ષુ બોધોત્સવ' અને બટુકના યજ્ઞોપવિતના કાર્યક્રમમાં ભાગ લેવા પ્રેમ અને આનંદપૂર્વક ઉત્સાહભેર ઉપસ્થિત થયા છો. ચારેબાજુ ખેતરોમાં લીલોતરીનો સમુદ્ર ફેલાયો છે અને હિલોળા લઈ રહ્યો છે. પ્રદૂષણનું સહેજ પણ નામોનિશાન નથી. આવા આરોગ્યપ્રદ વાતાવરણમાં આધ્યાત્મિક આનંદ લેવા ઉપસ્થિત થયા છો તે ખૂબ જ હર્ષની વાત છે. કુદરતનો આવો લાભ લેવા પ્રેમ અને આનંદપૂર્વક ઉત્સાહભેર ઉપસ્થિત થયા છો. કુદરતનો આવો લાભ લેવો હોય તો કેટલાબધા રૂપિયા ખરચવા પડે ? અને તોયે આવો લાભ મળે નહીં. કેમકે, અહીં તો કુદરત અને આધ્યાત્મિકતાનો સુમેળ સધાયો છે. પરમાત્માની દયાથી આવો જવલ્લે જ મળતો લાભ તમે સૌ લઈ રહ્યા છો. આજે એક બટુકને યજ્ઞોપવિત આપવાની છે. તેને પણ આજથી ગાયત્રીમંત્ર જપવાનો અધિકાર મળશે. જોકે ગાયત્રીમંત્ર સૌ કોઈ જપી શકે છે. કેમકે, ગાયત્રીમંત્ર એ બુદ્ધિની શુદ્ધિનો મંત્ર છે. તેમાં પરમાત્માને બુદ્ધિની શુદ્ધિ માટેની પ્રાર્થના કરવામાં આવી છે. બુદ્ધિની શુદ્ધિની સૌને જરૂર છે. તેથી ગાયત્રીમંત્ર સૌ કોઈ જપી શકે છે. પરંતુ શાસ્ત્રોના કથન મુજબ યજ્ઞોપવિત અપાયા પછી બટુકને તે ખાસ અધિકાર પ્રાપ્ત થાય છે. તેથી તે નિયમિત રીતે દરરોજ ગાયત્રીમંત્રના જાપ કરવા બંધાય છે. તા. ૨૭-૧૧-૨૦૧૩ના રોજ અમારા પંચાસીમા શુભેચ્છા વર્ષની ઉજવણીની પૂર્ણાહુતિ થઈ. આખા વર્ષ દરમિયાન તમે સૌએ ભેગા મળી કુલ સાડત્રીસ કરોડ "ઓમ્ ગુરુ ઓમ્" મહામંત્રના જપ વિશ્વશાંતિ અર્થે કર્યા. ગઈ કાલે સમાચાર પત્રમાં આવ્યું હતું કે, જૂનાગઢમાં સ્વામિનારાયણ સંપ્રદાય તરફથી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા પાંચ દિવસથી ઉત્સવ ચાલતો હતો. તેમાં જાહેર કરવામાં આવ્યું હતું કે, હરિભક્તોએ ભેગા મળી કુલ એક કરોડ બાણું લાખ મંત્રલેખન કર્યા. હરિભક્તો ત્યાં ઊમટી રહ્યા હતા. એટલી સંખ્યામાં ઊમટી રહ્યા હતા કે તેમના ભોજન-પ્રસાદ માટે જે સીધું-સામાન હતું તે ખૂટી પડ્યાં. તેથી તાત્કાલિક તેની વ્યવસ્થા કરવામાં આવી. આ વાત કરી મુખ્ય એ સમજાવવાનું છે કે મંત્રલેખનની કેટલી બધી મહત્તા છે. 'એકવારનું મંત્રલેખન દસબાર જપ કર્યા બરોબર ગણાય. વર્ષો પહેલાં આપણે પણ જીવ-જગતના કલ્યાણ માટે 'સોડહમ્' મંત્રલેખનની જાહેરાત કરેલી. તેમાં સૌ ભક્તોએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપી મંત્ર લેખન કરેલ. તે મંત્રલેખનના બધા જ ચોપડા ઉત્કંઠેશ્વરની નજીક આવેલ કેદારેશ્વર મહાદેવના પવિત્ર-નૈસર્ગિક સ્થાને વાત્રકનદીમાં પધરાવેલ. આ બધું કહેવા પાછળનો મુખ્ય આશય એ કે, સૌને જૂનાં સંસ્મરણો તાજાં થાય, મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે પ્રેરણા મળે. કલ્યાણપથમાં આગળ વધી, મોક્ષ અર્થાત્ આત્યંતિક સુખને પ્રાપ્ત કરવા માટે જીવનમાં ખૂબ જ ધીરજ અને સમજણની અત્યંત આવશ્યકતા જરૂરી છે. તે ત્યારે જ શક્ય થાય કે જ્યારે આપણને તેના મૂલ્યની સાચી સમજણ પ્રાપ્ત થાય. મનોવૈજ્ઞાનિક નિયમ છે કે, મનુષ્ય જે વધુ કીમતી હોય તેને જ લેવાનો સદા પ્રયત્ન કરે છે. તેનાથી ઓછી કીંમતનું લેતો નથી. મુખ્ય વાત સાચી કિંમત બરોબર સમજાઈ જવી જોઈએ. જેમ કે, એક રૂપિયાની નોટની અને સો રૂપિયાની નોટની કિંમત બરાબર સમજાવવામાં આવે તો પછી એક રૂપિયાની નોટ કોઈ જ લેશે નહીં. સો-સો રૂપિયાની નોટ જ લેશે. એવી રીતે જીવનમાં સાચાં સુખ-શાંતિ પામવા માટે ભૌતિકતા કરતાં આધ્યાત્મિકતાની કેટલી ઊંચી મહત્તા-કિંમત છે તે બરાબર સમજાઈ જાય, તો પછી સૌ આધ્યાત્મિકતામય જીવન પસંદ કરશે. તેને અનુરૂપ વધુ ને વધુ જીવન જીવવા માટે પ્રવૃત્ત રહેવાનો આગ્રહ રાખે છે. જેમ જેમ આધ્યાત્મિક-સાત્ત્વિક જીવન વધુ જિવાય છે તેમ તેમ મોક્ષને પ્રાપ્ત કરવાનો અધિકાર વધે છે. અર્થાત્, કલ્યાણપથમાં આગળ વધી સનાતન સુખ પામેલ છે. સનાતન સુખ, અર્થાત્ આત્યંતિક સુખ એટલે એવું સુખ કે જેનો કદી પણ નાશ થતો નથી. તે સિવાયનાં જગતનાં તમામેતમામ સુખ નાશવંત છે. જીવનમાં મોક્ષ અર્થાત્ સનાતન-આત્યંતિક સુખને પ્રાપ્ત કરવા માટે ધીરજ અને નિષ્ઠાપૂર્વક સતત પ્રયત્ન કરવો અત્યંત જરૂરી છે. જો, આ જન્મે, મોક્ષને પ્રાપ્ત કરવાના પ્રયત્નોના ફળસ્વરૂપ મોક્ષને ન પામી શક્યા તો, તે પ્રયત્નોના ફળસ્વરૂપ પછીનો જન્મ મનુષ્યનો ચોક્કસ જ મળશે. પછીનો જન્મ મનુષ્યનો પ્રાપ્ત થવો તે પણ ઘણી મોટી પ્રાપ્તિ ગણાય. તે માટે જીવનમાં વધુ ને વધુ નિષ્કામ કર્મ, અર્થાત્ કોઈ પણ જાતના ફળની કામના

રાખ્યા સિવાય સત્કર્મ કરતા રહેવું જોઈએ. ગીતામાં નિષ્કામ કર્મયોગની ખૂબ જ મહત્તા વર્ણવવામાં આવી છે. નિષ્કામ કર્મ એટલે આપણે જીવનમાં જે કાંઈ સત્કર્મ કરીએ તે કોઈ પણ જાતના ફળની-બદલાની આશા વગર પ્રીત્યર્થે કરવાં જોઈએ. કર્મનો તો અફર સિદ્ધાંત છે કે, જે કાંઈ કર્મ કરીએ તેનું ફળ યથાયોગ્ય સમયે પ્રાપ્ત થશે જ. આમ, સત્કર્મના ફળસ્વરૂપ સુખ અને અસત્ કર્મના ફળસ્વરૂપ દુઃખ પ્રાપ્ત થાય છે જ. એમાંથી કોઈ જ બચી શકતું નથી. આ સનાતન સત્યની સમજણ આપણા આશ્રિત એવા આપણા બાળકોને પણ આપવા અચૂક પ્રયત્ન કરવાનો છે. તેઓના જીવનમાં નાનપણથી જ તેનાં બી વાવવાં જોઈએ, તેમને સમજાવવા જોઈએ. આવી કલ્યાણકારી જીવનપાથેય એવી સાચી સમજણની વાતો સત્સંગમાં જાણવા મળતી હોય છે. તેથી આપણને જ્યારે જ્યારે સત્સંગમાં ઉપસ્થિત રહી આવી કલ્યાણકારી વાતો સાંભળવાનો અમૂલ્ય લહાવો મળે ત્યારે ત્યારે તેને પ્રેમપૂર્વક સાંભળી-સમજી જીવનમાં ઉતારવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. તેમાં સહેજ પણ આળસ-પ્રમાદ રાખવાં જોઈએ નહીં. સંતોએ સત્સંગને ફૂલની પથારી કહી છે. જ્યારે દુનિયાદારીના ભોગો મોજ-શોખને કાંટાની પથારી કહી છે. દયાનંદ સરસ્વતીને કોઈ સત્સંગીએ પૂછ્યું કે, સત્સંગમાં ઊંઘ આવે છે, પરંતુ નાટક-સિનેમા જોવામાં ઊંઘ આવતી નથી. એવું શા માટે ? જવાબમાં દયાનંદ સરસ્વતીએ ઉપર મુજબ કહ્યું કે, સત્સંગ ફૂલની પથારી છે તેથી ઊંઘ આવે છે. પરંતુ નાટક-સિનેમા કાંટાની પથારી છે તેથી ઊંઘ નથી આવતી. આપણે પણ જીવનમાં ખૂબ જ સાવધાન રહેવાનું છે કે સત્સંગમાં ઊંઘ ન આવે. એટલે કે મોક્ષપ્રાપ્તિના કલ્યાણપથમાં આગળ વધવામાં આળસ-પ્રમાદ ન આવે. ઈર્ષાળુ આપણને તે માર્ગે જતા ડગાવી ન દે. કેમકે, જેમ સૂરજથી બધા જ રાજી થાય છે, પરંતુ ઘુવડ રાજી થતું નથી, તેમ ભૌતિક જગતમાં ખૂંપેલા સ્વાર્થી લોકો પોતે તો કલ્યાણપથમાં આગળ વધવા ઈચ્છતા હોતા નથી, પંરતુ જે લોકો આગળ વધી રહ્યા હોય તે જોઈને રાજી થતા નથી. આવા સ્વાર્થી-ઈર્ષાળુ લોકોની પરવા કર્યા વિના સાચા કલ્યાણકામી લોકો કલ્યાણપથમાં આગળ વધી મોક્ષ પ્રાપ્તિરૂપી આત્યંતિક સુખને પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ રહે છે. આત્યંતિક સુખ એટલે એવું સુખ કે જે ક્યારે પણ દુઃખમાં પરિવર્તિત થતું નથી. બાકી જગતનાં બીજાં તમામેતમામ સુખ અંતે દુઃખમાં પરિવર્તિત થાય છે. આ વાતને સમજાવતાં પાતંજલ યોગદર્શનના સાધનપાદના સૂત્ર નં.૧૫માં કહ્યું છે કે –

"પરિણામતાપસંસ્કાર દુઃખૈર્ગુણવૃત્તિવિરોધાચ્ચ
દુઃખમેવ સર્વમ્ વિવેકિનઃ ॥"

વિવેકીનોને જગતનાં તમામ સુખ પરિણામરૂપે, તાપરૂપે અને દુઃખ જ લાગે છે. વળી, ગુણની દષ્ટિએ પણ દુઃખ જ લાગે છે. આપણે પુરાણોમાં વાંચ્યું છે કે આદિકાળથી દેવો અને દાનવો વચ્ચે સર્વોપરી થવા માટે સતત યુદ્ધ ચાલતું જ હોય છે. શરીરમાં ગુણોનું ઘર્ષણ એટલે કે યુદ્ધ ચાલતું હોય છે. આપણા શરીરમાં પણ સતત ઘર્ષણ ચાલતું જ હોય છે. શરીરમાં ગુણોનું ઘર્ષણ એટલે કે યુદ્ધ ચાલતું હોય છે. આપણા શરીરમાં સત્ત્વ-રજ અને તમ-એમ ત્રણ ગુણો રહેલા હોય છે. શરીરમાં આ ત્રણ ગુણોમાંથી એક ગુણ મુખ્યરૂપે રહેલો હોય છે અને બાકીના બે ગુણ ગૌણરૂપે રહેલા હોય છે. આ ગૌણરૂપે રહેલા ગુણ મુખ્યરૂપે રહેલ ગુણને દબાવી-પછાડી પોતે મુખ્યરૂપે થવા સતત પ્રયત્ન કરે છે તેનું ઘર્ષણ શરીરમાં સતત ચાલતું હોય છે. જો આપણે અસાવધ રહીએ તો આ ગુણો વચ્ચેનું ઘર્ષણ પણ ઘણું જ દુઃખદાયક હોય છે. પરિણામે આપણે દુઃખી થઈએ છીએ. આ દુઃખમાંથી ત્યારે જ છૂટી શકીએ કે જ્યારે આપણે મોક્ષરૂપી આત્યંતિક સુખને પ્રાપ્ત કરી લઈએ. તે માટે જીવનમાં વધુ ને વધુ નિષ્કામ કર્મના આચરણ દ્વારા કલ્યાણપથમાં આગળ વધી મોક્ષને પ્રાપ્ત કરી શકાય. પરિણામે

"પુનરપિ મરણમ્, પુનરપિ જનનમ્
પુનરપિ જનનીજઠરે શયનમ્"

જન્મ-મરણના ચક્કરમાંથી છૂટી શકાય. મોક્ષ પ્રાપ્તિનો પ્રયત્ન માત્ર મનુષ્યજન્મે જ થઈ શકે છે. ઋષિમુનિઓએ કુલ ચોર્યાસીલાખ યોની હોવાનું કહ્યું છે. તેમાંથી ચોર્યાસી યોની મુખ્ય કહી છે. આ ચોર્યાસી યોનીમાં પણ ત્રણ યોની વિશેષરૂપે કહેવામાં આવી છે. તે છે : મનુષ્ય-પશુ-પક્ષી યોની - આ ત્રણમાં પશુ અને પક્ષી-યોની તે ભોગયોની છે. તેમાં માત્ર ઇન્દ્રિયોને પોષવા માટેનું કર્મ થાય છે. માત્ર મનુષ્યોની જ એક એવી યોની છે કે જેમાં જો મનુષ્ય ઇચ્છે તો મોક્ષનો વિચાર કરી શકે છે, તેને પ્રાપ્ત કરવા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરી તે પ્રાપ્ત કરી શકે છે.

આ વાત વર્ષોથી વારંવાર તમારી સમક્ષ રજૂ કરવામાં આવે છે. તમે પણ વર્ષોથી તે વારંવાર સાંભળતા આવ્યા છો. તેની પાછળ મુખ્ય આશય એ રહેલો છે કે મનુષ્યજન્મે મોક્ષને પ્રાપ્ત કરી જન્મમરણના ચકરાવામાંથી છૂટવાનું છે એ મુખ્ય વાતની વિસ્મૃતિ ન થાય. તે ધ્યેયને પ્રાપ્ત કરવામાં અસાવધ ન થઈ જવાય, તે વાત સદા માનસપટ પર સતત તાજી રહે જેથી સાવધાનીપૂર્વક નિષ્ઠાથી તેને પામવા માટે સતત પ્રયત્ન કરી શકાય. તમે સૌ આ માટે સતત પ્રયત્ન કરી રહ્યા છો તે ખૂબ જ આનંદની વાત છે. તમારા સૌ ઉપર પરમાત્માની કૃપા વરસી રહી છે.

પરમાત્માને પ્રાર્થના કરીએ કે, સૌને કલ્યાણપથમાં આગળ વધી મોક્ષપ્રાપ્તિમાં સહાયતા કરે, તે માટે ખૂબ ખૂબ શક્તિ-મતિ આપે.

ફરી ફરી સૌને વંદન - અભિનંદન - આશિષ.

સત્ય-ધર્મગુરુદેવની જય, સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

સૌને જય નારાયણ.

ઓમ્ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર.

ઓમ્... ઓમ્... ઓમ્....

• સાચા ગુરુ સંતો અરીસા જેવા છે. •

જીવતો-જાગતો માણસ આપણાં સારાં કામોની પ્રશંસા પણ કરે અને ખોટાં કામોની ટીકા પણ કરે. એ ટીકા આપણાથી સહન નથી થતી તેથી આપણને તે હયાત માણસ પાસે જવું નથી ગમતું, ભલે તે ગમે તેટલો મોટો મહાત્મા હોય તો પણ. શરીરથી જે માણસ હયાત ન હોય તેની આપણે પ્રશંસા અને પ્રાર્થના કરીએ છીએ, તેના ફોટાને ધૂપ-દીપ-નૈવેદ્ય ચડાવીએ છીએ, કારણ કે તેઓ કદી આપણાં ખોટાં કાર્યોની ટીકા-ટીપ્પણી કરવાના જ નથી તેની આપણને ખાત્રી છે. આપણી 'હા એ હા' કરે તેવા જ ગુરુસંતોને આપણે પસંદ કરીએ છીએ. "હું તમને ભલે ગુરુ કહું પણ તમારે ધાર્યું તો મારું જ કરવાનું છે" એવું આપણે માનતા હોઈએ છીએ અને ગોતનારને આવા ગુરુસંતો મળી પણ રહેતા હોય છે. પણ આવા ગુરુસંતોથી આપણું કલ્યાણ નથી થતું, પણ આપણો અહંકાર જ વધતો રહે છે. આંખ બધી દુનિયાને જોઈ શકે છે પણ પોતાને જ નથી જોઈ શકતી, પોતાને જોવા માટે તેને અરીસાની મદદ લેવી પડે છે. તેમ આપણે આપણા દુર્ગુણો નથી જોઈ શકતા તે તો ગુરુસંતો જ બતાવી શકે છે, અને તેનાથી બચાવી શકે છે.

- યોગભિક્ષુ

• હું પડકાર ઝીલનારો માણસ છું. •

પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ ? હું પડકાર ઝીલનારો માણસ છું.
હું તેજ ઉછીનું લઉં નહીં હું જાતે બળતું ફાનસ છું.
ઝળહળાનો મોહતાજ નથી મને મારું અજવાળું પૂરતું છે
અંધારાના વમળને કાપે, કમળ તે જ તો સ્ફૂરતું છે
ધુમ્મસમાં મને રસ નથી હું ખુલ્લો અને નિખાલસ છું.
કુંડળીને વળગવું ગમે નહીં. ને ગ્રહો કને શિર નમે નહીં.
કાયરોની શતરંજ પર જીવ સોગઠાબાજી રમે નહીં
હું પોતે જ મારો વંશજ છું. હું પોતે મારો વારસ છું.
પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ ? હું પડકાર ઝીલનારો માણસ છું.

- નરેન્દ્ર મોદી

(સૌજન્ય : 'હળવદ મિત્ર' - વર્ષ ૧૦, અંક-૧, ઑગસ્ટ ૧૪માંથી સાભાર)

પ.પૂ. શ્રી ગુરુદેવ યોગભિક્ષુજી મહારાજના આશીર્વચન

(શ્રી પ્રવિણભાઈ શાહ (મણિનગર)ને ત્યાં થયેલા સ્વાધ્યાય નિમિત્તે ટેલિફોન દ્વારા કરેલું ઉદ્‌બોધન)

તા. ૧૬-૬-૨૦૧૪, રવિવાર — સંકલન : શશિકાન્ત પટેલ

શ્રી પ્રવીણભાઈ શાહનાં ધર્મપત્ની બકુલાબેનનું ટૂંક સમય પહેલાં જ આકસ્મિક અવસાન થયું હતું. તે નિમિત્તે તેઓએ તેમના નિવાસસ્થાને સ્વાધ્યાય-સત્સંગનું આયોજન કરેલ. તે પ્રસંગે પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજે ટેલિફોનના માધ્યમથી જે આશીર્વચનની કૃપા વરસાવી તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીનાં કૃપાઆશીર્વચન

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.

સર્વેનું સ્વાગત - વંદન - અભિનંદન - આશિષ.

શ્રી પ્રવીણભાઈ શાહનાં ધર્મપત્ની બકુલાબહેનનું ટૂંક સમય પહેલાં આકસ્મિક અવસાન થયું. તે નિમિત્તે આજનો આ સ્વાધ્યાય-સત્સંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જે લોકો અધ્યાત્મપ્રેમી છે, જેમનામાં સાચી સમજણ છે તેવા સાત્ત્વિકજનો જીવનમાં ઉદ્‌ભવતા સારા-નરસા પ્રસંગે તક ઝડપી લઈ સ્વ-કલ્યાણ અને લોકકલ્યાણના આવા કાર્યક્રમોનું પ્રેમપૂર્વક આયોજન કરી સત્કર્મ કરવાનું ચૂકતા નથી.

બકુલાબહેનનું ટૂંક સમય પહેલાં અવસાન થયું. ભલે સદેહે આપણી વચ્ચે નથી, પરંતુ તેમના સદ્‌ગુણોનું સ્મરણ સતત આપણે રાખી તેને જીવનમાં અપનાવવાના છે.

"જાનાર તો જાતા રહ્યા, સદ્‌ગુણ તેના સાંભરે."

બકુલાબહેન પોતાની પાછળ લીલી વાડી છોડીને ગયાં છે. અત્યાર સુધી પરિવાર ઉપર તેમની છત્રછાયા પ્રત્યક્ષરૂપ હતી. હવે જ્યારે પોતે પરિવાર વચ્ચે રહ્યાં નથી ત્યારે, તેમના આશીર્વાદનું છત્ર પરિવાર ઉપર સતત રહેલું જ છે. અત્યાર સુધી તેઓ ખૂબ પ્રેમ અને સમજણપૂર્વક પરિવારને સંભાળતાં હતાં. આખો પરિવાર પ્રેમ અને આનંદપૂર્વક રહે તે માટે પોતાની બધી જ ફરજ બજાવતાં હતાં. હવે જ્યારે તેઓ પરિવાર વચ્ચે નથી ત્યારે આપણી ફરજ થઈ જાય છે કે આપણે છત્ર બની પરિવારમાં આપણાથી જે કોઈ નાના છે તેમને સંભાળવા. એથી પરિવારનાં સૌ કોઈને તેમની ગેરહાજરીનો સહેજ પણ અહેસાસ થાય નહીં. આમ, હવે આપણે પરિવાર પ્રત્યેની આપણી ફરજ પ્રેમ અને સમજણપૂર્વક બજાવતા રહેવાનું છે, જેથી પરિવારમાં પ્રેમ અને આનંદ જળવાઈ રહે.

આવા સાત્ત્વિક કાર્યક્રમોમાં સત્સંગના માધ્યમથી સાચી સમજણની વાતો સાંભળવાનો અમૂલ્ય લાભ ભાગ્યશાળીને જ મળતો હોય છે. બકુલાબહેનનું અવસાન થયું એ પ્રસંગને તાત્ત્વિકરૂપે સમજવાનો પ્રયત્ન કરવાનો છે. તેમનું અવસાન એ તો સૃષ્ટિમાં સતત ચાલતા સર્જન-વિસર્જનના ક્રમમાં-અનુસંધાનમાં સમજવાનો પ્રયત્ન કરવાનો છે. અમરપટો લઈને કોઈ જ આવતું નથી. સૌ કોઈને વહેલા કે મોડા વારાફરતી જવાનું જ છે. મહાકાળરૂપી ભોરિંગના ભરડામાંથી કોઈ જ બચી શકતું નથી. આ સમજણને બરોબર પાકી કરી લઈને પછી તેના અંગે બરોબર ચિંતન-મનન કરવાનું છે. અનેક જન્મોના સત્કર્મોના ફળસ્વરૂપ મહામોંઘેરો મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે. તો, તેમાં મુખ્ય શું કરવાનું છે ? શેની પ્રાપ્તિ કરવાની છે? મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે તો જીવનમાં વધુમાં વધુ નિષ્કામ સત્કર્મોનું આચરણ કરી મોક્ષને પ્રાપ્ત કરવાનો, પ્રેમ અને સમજણપૂર્વક સતત પ્રયત્ન કરવાનો છે. તે માટે ગુરુ-સંતો પ્રત્યે પ્રેમ-નિષ્ઠા રાખવાની છે. આપણે વધુમાં વધુ તન-મનથી તેમના સાંનિધ્યમાં રહેવાનો પ્રયત્ન કરવાનો છે. આપણા ઘરે તેઓ પધારે તે માટે સદા તત્પર રહેવાનું છે.

જો આપણું આચરણ આવું હોય તો તેઓની કૃપાના ફળસ્વરૂપ આપણને મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે તે મોક્ષપ્રાપ્તિની સાચી સમજણની વાતો સતત સાંભળવા મળે. જેને બરોબર સમજી, જીવનમાં ઉતારી, કલ્યાણપથમાં આગળ વધી મોક્ષને પ્રાપ્ત કરી શકીએ, જન્મ-મરણના ચકરાવામાંથી છૂટી શકીએ. જો આપણે આવું સમજણપૂર્વકનું જીવન જીવીએ નહીં અને મોહમાયામાં લપેટાઈ ભૌતિક સુખસગવડ પાછળ આંધળી દોટ લગાવીએ, તો ચોર્યાસીના ચક્કરમાં સદાય પિસાતા રહીએ, અસહ્ય દારુણ યાતનાઓ ભોગવતા રહીએ. માટે જ અનુભવીઓએ કહ્યું છે કે —

'જા ઘર કથા ન હરિકીર્તન, સંત નહિ મિજમાના;
તા ઘર યમને ડેરા દીના, સામ પડે સમસાના.
મેરી મેરી કરત હૈ મૂરખ, મીટા ન માનગુમાના;
સાધુ-સંતકી સેવા ન કિન્હી, કીસ બીધ હોત કલ્યાણ.'

નાનકડી ચાર લીટીમાં કેટલી ગહન-તાત્ત્વિક વાતને એકદમ સરળ અને સહજ રીતે રજૂ કરી દીધી છે ? ગાગરમાં સાગર સમાવી દીધો છે. શું કહ્યું છે ? જે પરિવારમાં આચાર વિચાર-આહારવિહારમાં સાત્ત્વિકતા, સંયમ-નિયમ જેવું કાંઈ જ હોતું નથી; વળી, કલ્યાણપથમાં આગળ વધવા માટે થઈને સાચી સમજણથી ગહન-તાત્ત્વિક વાતોને સમજાવનાર નિઃસ્વાર્થ ગુરુ-સંતો પ્રત્યે પ્રેમ-નિષ્ઠા-ભક્તિ-આદર હોતાં નથી; તેમનાથી દૂર જ ભાગતા રહે છે, સતત તેમની ઉપેક્ષા જ કરે છે. આવા પરિવારના લોકોની માનસિકતા કેવી હોય છે ? "મારું મારા બાપનું અને તારું મારું સહિયારું". પોતાની પાસે જે કાંઈ સાધન-સમૃદ્ધિ છે તે બીજાને મદદરૂપ થવામાં વાપરવાના બદલે બીજાનું પડાવી લેવાની વેતરણમાં જ સતત રહે છે. સતત અહંકારમાં જ રાચતાં હોય છે, બીજાને તુચ્છકારતાં હોય છે. તો આવી માનસિકતાવાળાં પરિવારજનોનું કલ્યાણ કદાપિ થતું નથી. પરંતુ, આવા પરિવારજનોના અસહિષ્ણુ અને સ્વચ્છંદી જીવનના લીધે પરિવારમાં સુખ-શાંતિનો સદા અભાવ હોય છે. સર્વેનું જીવન ક્લેશયુક્ત હોય છે. તે પરિવારમાં સ્મશાનવત્ ભેંકાર જેવી સ્થિતિ હોય છે. પરમ પદને પમાડનારી આવી કલ્યાણકારી સાચી સમજણની વાતો સમજાવી ગુરુ - સંતો આપણને સતત ચેતવે છે. આપણે પણ ચેતી જવું જોઈએ. તેમની સાચી સમજણથી કલ્યાણકારી વાતોને અનુરૂપ સતત સાત્ત્વિક જીવન જીવી, મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે તે મોક્ષરૂપી પરમ પદને પામવાના સનિષ્ઠ પ્રયત્નમાં લાગી જવું જોઈએ. મોક્ષની પ્રાપ્તિ જ મનુષ્યજન્મનું મુખ્ય લક્ષ્ય-ઉદ્દેશ્ય છે તેનું સતત સ્મરણ જીવનમાં રાખવાનું છે. એક ક્ષણ માટે પણ તેનું વિસ્મરણ ન થાય તે માટે સતત સાવધાન રહેવાનું છે. મોક્ષને પામવા માટે નિષ્કામ સત્કર્મોનું સતત આચરણ કરવા તત્પર રહેવું જોઈએ. નિષ્કામ સત્કર્મ એટલે બદલાની સહેજ પણ ભાવના રાખ્યા સિવાય પરહિતનાં કાર્યો પ્રેમપૂર્વક કરવાં. તો સૌ કોઈએ આ જન્મે જ વધુ ને વધુ નિષ્કામ સત્કર્મો કરીને તેના સહારે મોક્ષ પ્રાપ્ત કરવાના પુરુષાર્થમાં નિષ્ઠાપૂર્વક લાગી જવું જોઈએ.

તો આ નિષ્કામ સત્કર્મો વધુ સારી રીતે શેના દ્વારા થઈ શકે ? શરીર દ્વારા થઈ શકે. તો આવાં કાર્યો કરવામાં શરીર ક્યારે સતત સાથ આપે કે જેથી આપણે અથાકપણે ઉત્સાહ અને ઉમંગપૂર્વક તે કરી શકીએ ? જો આપણું શરીર સ્વસ્થ-તંદુરસ્ત-બળવાન હોય ત્યારે. આવા શરીર માટે શેની જરૂર ? શુદ્ધ - સાત્ત્વિક-પવિત્ર-સુપાચ્ય ભોજનની જરૂર. પરમાત્મા પણ કેટલા બધા કૃપાળુ છે કે જેમણે આપણી ઉપર કરુણા વરસાવી આપણા

વિકાસ..! વિકાસ....!! વિકાસ........!!!

વિકાસ કોનો? વિકાસ ક્યારે ? વિકાસ કોના દ્વારા ? વિકાસ એટલે શું? આવા અનંત પ્રશ્નો સૌને થાય એ સ્વભાવિક છે. પણ, આ બધાનો સમાધાનકારી જવાબ કોણ આપી શકે? કોઈ નહીં. પણ, સૌ પોતપોતાની રીતે મથી શકે.

દેવ-દાનવોએ વિકાસ અર્થે મહાપુરુષાર્થ કર્યો. આખા સમુદ્રને વલોવી નાખ્યો. સમુદ્રમાંથી ઘણું બધું નીકળ્યું. અમૃત પણ નીકળ્યું અને હળાહળ ઝેર પણ નીકળ્યું. મહાદેવજી એ હળાહળ ઝેરને પી ગયા ન હોત તો સમસ્ત જીવસૃષ્ટિનો સંહાર થઈ જાત. મહાદેવે પણ એ ઝેર કંઠમાં જ રોકી રાખ્યું. જો તેમણે ઝેરને પેટમાં ઊતરવા દીધું હોત, તો તેઓ પણ મરી જાત. હળાહળ ઝેરને મહાદેવે કંઠમાં જ રોકી રાખ્યું, તેથી તેમનો કંઠ નીલવર્ણ થઈ ગયો, તેથી ભક્તોએ તેમને નીલકંઠ કહીને બિરદાવ્યા - વધાવ્યા. આવો ભીષણ-ભયંકર ભોગ કોણ આપી શકે? સદાશિવ જ આપી શકે.

ઋષિમુનિઓ સમાધિ દ્વારા વસ્તુના મૂળને - અંતરતમ સ્તરને જાણી લેતા હતા-પામી લેતા હતા. બીજા સ્તરમાં સુખ સગવડોરૂપી અમૃત ભલે હોય, પણ સાતમા સ્તરમાં તો ભયંકર અગવડોરૂપી હળાહળ ઝેર જ છે તેવું તેઓ જોઈ શકતા હતા. જ્યારે આધુનિક વિજ્ઞાનીઓ, આધુનિક સ્થૂળ બુદ્ધિ અને આધુનિક સ્થૂળ સાધનો દ્વારા બીજા સ્તર સુધી જ પહોંચી શકે છે, તેથી તેમની શોધો મહાદુઃખની પ્રતિક્રિયાવાળી અને અલ્પજીવી જ હોય છે.

- યોગભિક્ષુ

માટે આવા ભોજનની વિપુલ વ્યવસ્થા કરી છે કે જે ભંડાર ક્યારે પણ ખૂટે તેમ નથી. માટે જ અનુભવીઓએ કહ્યું છે કે-

"તુમ્હારે કારન પરમાત્માને, જગત-બગીચા બનાયા હૈ;
કિસમ-કિસમ કે ફલ-ફૂલ સે, બહુત ખૂબ સજાયા હૈ."

પરમાત્માએ અસીમકૃપા વરસાવી આપણા ભોજન માટે શુદ્ધ સાત્ત્વિક-પવિત્ર-સુપાચ્ય અખૂટ અન્નભંડારની રચના કરી છે. એનું સેવન કરવાથી આપણે સ્વસ્થ-નીરોગી-બળવાન રહી શકીએ, જેથી પ્રેમ-ઉત્સાહ-ઉમંગપૂર્વક ખૂબખૂબ સાત્ત્વિક નિષ્કામ કર્મો કરી મોક્ષને પામી શકીએ. તેથી આપણે જીવનમાં ક્યારે પણ અખાદ્ય-અપેય ખાવાપીવાની ચીજવસ્તુનો ઉપયોગ કરવો જોઈએ નહીં. પરંતુ, આજના જમાનામાં મોટા ભાગના લોકો પોતે વિકાસશીલ સમાજમાં જીવી રહ્યા છે તેવું ગૌરવ અનુભવવા કુદરતે બનાવેલ સુપાચ્ય-શુદ્ધ ભોજન પ્રત્યે ઉપેક્ષિત રહીને, અખાદ્ય-અપેય ખાણીપીણીનો બેફામ ઉપયોગ કરીને અનેક રોગોના ભોગ બની રહ્યા છે. આપણે જોઈએ છીએ, સાંભળીએ છીએ કે, અત્યારે ચારેબાજુ વિકાસ, વિકાસ ને વિકાસની જ વાતો થઈ રહી છે. તે માટે થઈને અનેક પ્રકારની વિજ્ઞાનની અવનવી શોધો થઈ રહી છે. આ શોધોનો ચારેબાજુ બેફામ અમલ થઈ રહ્યો છે. વિકાસના નામે આ બધું જે થઈ રહ્યું છે તે કેવા વિકાસ માટે થઈ રહ્યું છે ? સ્થૂળ-ભૌતિક વિકાસ માટે થઈ રહ્યું છે. આ વિકાસથી બચપણ-જુવાની-બુઢાપો-એ ક્રમને રોકી શકાતો નથી. ગમે તેટલો વિકાસ થાય, પણ તેનાથી કોર્ટ-કચેરી, પોલીસથાણાં, દવાખાનાં ઓછાં થતાં નથી. એ તો રાતદિવસ વધતાં જ જાય છે. સમાજમાં ગુનાખોરી-સ્વચ્છંદતા-રોગોનું પ્રમાણ વધતું જ જાય છે. આવો વિકાસ અને તેના દ્વારા સમાજના લોકોને પ્રાપ્ત થતાં સુખ-સગવડ ભૌતિક જગતમાં પ્રાથમિક રીતે ભલે સારાં લાગતાં હોય, પરંતુ સૂક્ષ્મ રીતે વિચારીએ તો તે ભ્રામક છે, અંતે દુઃખદાયક છે. ખરો વિકાસ તો તેને કહેવાય કે જેના દ્વારા મનુષ્યજન્મની સાર્થકતા પ્રાપ્ત કરી શકાય - મોક્ષને પામી શકાય, જે મનુષ્યજન્મનું મુખ્ય અને અંતિમ લક્ષ્ય છે. રાવણે જીવનમાં કેટલો વિકાસ કરેલો તે રામાયણમાં જણાવેલ છે. રાવણને દશ તો મસ્તક હતાં. તેની નગરી સોનાની હતી. જાતજાતની યાંત્રિક રચનાઓ દ્વારા તે રક્ષિત હતી. તેના મહેલમાં વા વાસીદું કરે અને પવન પાણી ભરે. તેણે પલંગના પાયા સાથે કેટલાય દેવોને બાંધી રાખ્યા હતા. આ બધો તેનો ભૌતિક વિકાસ હતો. આમ છતાંય અંતે તેનું મૃત્યુ થયું, તેનો નાશ થયો. સાથે સાથે તેના સમગ્ર પરિવારનો નાશ થયો. વળી, તેની સોનાની નગરી પણ નાશ પામી. કેમકે, તેનો જે વિકાસ હતો તે માત્ર ભૌતિક વિકાસ હતો. એકલો ભૌતિક વિકાસ ક્ષણભંગુર-અકલ્યાણકારી અને અંતે દુઃખદાયક અને વિનાશકારી હોય છે. જ્યારે આધ્યાત્મિક વિકાસ શાશ્વત-કલ્યાણકારી-કાયમી સુખદાયક હોય છે. ભૌતિક વિકાસ જન્મ-મરણના ચકરાવામાં ચઢાવે છે, જ્યારે આધ્યાત્મિક વિકાસ જન્મ-મરણના ચકરાવામાંથી છોડાવે છે. **રાવણે જો ભૌતિક વિકાસની સાથે આધ્યાત્મિક વિકાસ કર્યો હોત, તો તેનો, તેના પરિવારનો, તેની નગરીનો આવો કરુણ અંજામ થયો ન હોત. તેને સીતાજીનું હરણ કરવાનો વિચાર જ આવ્યો ન હોત.** સ્થૂળ વિકાસ અંતે અકલ્યાણકારી હોય છે, જ્યારે સૂક્ષ્મ-આધ્યાત્મિક વિકાસ સદા કલ્યાણકારી જ હોય છે. સમાજના ઉત્થાન માટે ભૌતિક વિકાસ જ એકમાત્ર સાચો વિકાસ છે એવી ભ્રમણામાં રહેવું જોઈએ નહીં, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ આધ્યાત્મિક વિકાસમાં અને તે દ્વારા સમાજઉત્થાનના કાર્યમાં માત્ર સહાયક છે એમ સમજવાનું છે. જો આવા સાચા સૂક્ષ્મ વિકાસનો પ્રયત્ન કરવામાં આવશે, તો સમાજમાં સ્વચ્છંદતા ઘટશે અને સાત્ત્વિકતા વધશે. પરિણામે સમાજના લોકો સાચાં સુખ-શાંતિ પામી શકશે, વધુ ને વધુ લોકોનું કલ્યાણ થશે. શ્રી રામે આવો કલ્યાણકારી સૂક્ષ્મ-આધ્યાત્મિક-સાત્ત્વિક વિકાસનો કેટલો મોટો આદર્શ, તેને અનુરૂપ જીવન જીવીને, જગત સમક્ષ રજૂ કર્યો છે !! રામાયણમાં તુલસીદાસજીએ કહ્યું છે કે–

"રઘુકુલ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય અરુ વચન ન જાઈ."

શ્રી રામે એક પત્ની, એક વચન અને એક બાણનો આદર્શ જીવનભર પાળ્યો અને તે આદર્શ સમાજને આપ્યો તે સાચો વિકાસ કહેવાય. વાસના-વિકાર ઉપર વધુ ને વધુ કાબૂ પ્રાપ્ત કરી સંયમ-નિયમવાળું જીવન જીવવું તે સાચો વિકાસ કહેવાય. જેના સહારે મોક્ષપ્રાપ્તિના માર્ગે વધુ ને વધુ ઝડપથી આગળ વધી શકાય તેને જ સાચો વિકાસ કહેવાય. આમ, વિકાસને ખૂબ જ તાત્ત્વિક રીતે સમજવાની જરૂર છે. તો, ખરા અર્થમાં જેને વિકાસ કહેવાય તેવા કલ્યાણકારી સૂક્ષ્મ વિકાસને પામવા માટે સંસારીજનોએ કેવું જીવન જીવવું જોઈએ? તે માટે કહ્યું છે કે, **"સંસારમાં સરસો રહે, તેનું મન મારી પાસ; શ્રી કૃષ્ણ અર્જુનને કહે, તેને સમજુ મારો દાસ."** સંસારીજનોનાં

જીવનનાં વહેવાર અને પરમાર્થરૂપી બે પાસાં છે. તો દરેક સંસારીજને આ વહેવાર અને પરમાર્થને ખાંડાની ધાર ઉપર ચાલતા હોઈએ તેમ જીવનમાં બરોબર સાચવવાનાં છે- નિભાવવાનાં છે. બેયને બરોબર મહત્ત્વ આપવાનું છે. ભગવાને આપણને બે આંખ, બે નસકોરાં, બે કાન, બે હાથ, બે પગ આપ્યા છે. આપણે આપણાં કાર્યો સારી રીતે કરવા માટે બન્નેનો યથાયોગ્ય-બરોબર ઉપયોગ કરીએ છીએ અને વધુમાં વધુ સંતોષ અને તૃપ્તિનો અનુભવ કરીએ છીએ, તેવી રીતે જીવનમાં વહેવાર અને પરમાર્થરૂપી બન્ને પાસાંની બરોબર ખેવના રાખવાની છે. બન્ને પાસાંમાં બરોબર પારંગત થવાનું છે. એક પણ પાસામાં ઢીલાશ કે બેદરકારી રાખવાની નથી. બન્ને પાસાં એકબીજાનાં સહાયક બની રહે તે રીતે જીવવાનું છે. આવું જીવન જીવતાં જીવતાં કલ્યાણપથમાં આગળ વધી, મોક્ષને પામી, મનુષ્યજન્મ સાર્થક કરવાનો છે. વહેવારમાં બરાબર રહેવાનું એટલે આપણાં પરિવારજનો, આશ્રિતો, સમાજ વગેરે સૌ પ્રત્યેની આપણી જે કાંઈ ફરજો છે તેને પ્રેમપૂર્વક બરાબર નિભાવવાની છે. સાથે સાથે બરોબર સાવધાન રહેવાનું છે કે તેમના પ્રત્યેની ફરજ પ્રેમપૂર્વક બજાવતાં બજાવતાં તેમનામાં મોહ ઉત્પન્ન થઈ જાય નહીં. કેમકે, મોહ જન્મમરણના બંધનમાં બાંધે છે. જ્યારે પ્રેમ કલ્યાણપથમાં આગળ વધવામાં સહાયરૂપ થાય છે. આમ, વહેવારની સાથે સાથે પરમાર્થમાં પણ બરોબર રહેવાનું છે, એટલે કે સદાચારી સંયમ-નિયમવાળું જીવન જીવતાં નિષ્કામભાવે પરહિતનાં કાર્યોરૂપી સત્કર્મોનું આચરણ કરતા રહેવાનું છે. આમ, આપણે જીવનમાં વહેવાર અને પરમાર્થનો યોગ્ય સમન્વય કરી જીવન જીવીએ, તો પરમાત્માની કૃપા અવશ્ય પ્રાપ્ત થશે. તેથી તો કહ્યું છે કે, **''રામ ઝરૂખે બૈઠ કર, સબકા મુજરા લેત; જૈસી જીસકી ચાકરી, વૈસા ઉસકો દેત.''** આપણે જેવું જીવન જીવીએ અથવા જે કાંઈ સારાં-નરસાં કર્મ કરીએ તે પરમાત્માના ચોપડે તરત જ નોંધાઈ જાય છે. એમનાથી કાંઈ જ છૂપું રહેતું નથી. યથાયોગ્ય સમયે આપણને તે કર્મનાં ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. અસત્ કર્મોના ફળસ્વરૂપ જન્મમરણનો ચકરાવો અને અનેક પ્રકારનાં દુઃખોની પ્રાપ્તિ થાય છે, જ્યારે સત્કર્મોના ફળસ્વરૂપ મોક્ષની - આત્યંતિક સુખની પ્રાપ્તિ થાય છે. આત્યંતિક સુખ એટલે એવું સુખ કે જે ક્યારે પણ દુઃખમાં પરિણમતું નથી.

શ્રી પ્રવીણભાઈ શાહે સ્વાધ્યાય-સત્સંગનું આયોજન કર્યું તે નિમિત્તે ખૂબ જ સુંદર, સાચી સમજણની વાતો થઈ. પ્રવીણભાઈ તથા સમગ્ર પરિવારની ગુરુજી પ્રત્યેની ભાવના ખૂબ જ પ્રેમ, નિષ્ઠા અને સમજણપૂર્વકની છે. તેનો તેઓ ક્યારે પણ દેખાડો કરતા નથી. તમે સૌ પણ ખૂબ જ ભાગ્યશાળી છો કે જેથી તક મળતાં આવા કલ્યાણકારી કાર્યક્રમોમાં ઉત્સાહભેર લાભ લેવા પહોંચી જાઓ છો. ખંડેરાવપુરાથી શ્રી બલદેવભાઈ પણ કાર્યક્રમનો લાભ લેવા ઉપસ્થિત થયા છે. તેઓ દરેક કાર્યક્રમમાં અચૂક ઉપસ્થિત રહે છે. આવા કાર્યક્રમોનો લાભ લેવા માટે તેમની કેટલી બધી ઊંચી સમજણ છે ! વળી, તેઓ બીજાના સાથની-સંગાથની પણ રાહ જોતા નથી અને બીજું કોઈ સાથે આવે કે ન આવે, પરંતુ પોતે એકલા લાભ લેવા નીકળી પડે છે. તેમની સ્થિતિ કેવી છે ?

''તારી હાક સુણી કોઈ ન આવે તો એકલો જાને રે.''

આવી તેમની સ્થિતિ છે. આમ આવા કલ્યાણકારી કાર્યક્રમોમાં સૌએ કોઈની રાહ જોયા વગર જ્યાં અને જ્યારે પણ લાભનો મોકો ઉપસ્થિત થાય તો તેને અચૂક ઝડપી લેવો જોઈએ.

બળદેવભાઈની જેમ ઘણા ભક્તો ઓમ્ પરિવારરૂપી ઇમારતની પાયાની ઈંટો બનીને રહ્યા છે. જેમ પાયાની ઈંટ કદી પણ દેખાતી નથી, પરંતુ તેના આધારે આખી ઇમારત ઊભી હોય છે, તેમ આવા સાચી સમજણ જેમનામાં છે તે સૌ ક્યારે પણ દેખાડો કર્યા વગર ઓમ્‌પરિવાર થકી થઈ રહેલાં લોકકલ્યાણનાં સર્વે કાર્યોમાં તન-મન-ધનથી, પ્રેમ અને ઉત્સાહભેર લાગેલા હોય છે. તેથી જ ઓમ્‌પરિવારનું લોકકલ્યાણનું કાર્ય વિનાવિઘ્ને સુચારુ રીતે સતત થઈ રહ્યું છે. તો, આવી પાયાની ઈંટોને ઓળખવી સહેલું નથી.

તબિયત નરમ-ગરમ રહેતી હોવા છતાં પણ પરમાત્માની દયાથી ખૂબ બોલાયું. પરમાત્મા ખૂબ જ કૃપાળુ છે. આપણે તેમની કૃપાને જાણવા માટેની જ્ઞાનદૃષ્ટિ કેળવવી જોઈએ.

ફરી ફરી સર્વેને ખૂબ ખૂબ શુભ આશિષ.

સર્વેને જય નારાયણ, જય ઓમ્ ગુરુ દેવ.

સત્ય-ધર્મ ગુરુદેવની જય, સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.

ઓમ્ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર.

ઓમ્... ઓમ્... ઓમ્...

ઋષીકેશમાં ભાગવતકથા 'સાલ ઓઢાડીને'

તા. ૩-૮-૨૦૧૪

સંકલન : શશિકાન્ત પટેલ

ઋષિમુનિઓની કલ્યાણદાયી તપોભૂમિ એવા ઋષિકેશમાં, પતિતપાવની ગંગામાતાની ગોદમાં તથા જેના અણુઅણુમાં સાત્ત્વિકતા-પવિત્રતાની હેલી હિલોળા લઈ રહી છે તેવી દિવ્ય પરમાર્થનિકેતનની ભૂમિ ઉપર, આમ આધ્યાત્મિકતાના ત્રિવેણીસંગમમાં, સંતજનોના પ્રત્યક્ષ - પરોક્ષ આશીર્વાદ સહિત ઓમ પરિવારના સદ્‌ધર્મ-ગુરુ-સંત પ્રેમી સ્વ. ગોવિંદભાઈના પરિવારજનોએ પરમાત્માની કૃપાથી મોક્ષદાયી ભાગવતસપ્તાહનું આયોજન કરી, તેનો લહાવો લૂંટવાની અમૂલ્ય તક આપી. નિઃસ્વાર્થ સત્કર્મના માધ્યમ દ્વારા પોતે તો કલ્યાણપથમાં આગળ વધી જ રહ્યા છે અને સાથે સાથે આપણને પણ તે માટે અમૂલ્ય તક આપી રહ્યા છે તે તેમના વિશાળ હૃદયની ભાવનાને ઉજાગર કરે છે.

આ પ્રસંગે ઓમ્ પરિવાર તરફથી પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજની શુભેચ્છા-આશીર્વાદ સહિત ઓમ્ પરમાત્માની પ્રસાદીસ્વરૂપે વસ્ત્ર ઓઢાડી મહાનુભાવોનું બહુમાન કરવાનો લહાવો લઈ ઓમ્ પરિવાર શુભેચ્છાની ભાવના વ્યક્ત કરી રહ્યો છે. આ પ્રસંગે ઓમ્ પરિવાર વતી-

૧. શ્રી શશિકાન્ત પટેલે, પ.પૂ. બ્રહ્મનિષ્ઠ - બ્રહ્મસ્તોત્રીય મહામંડલેશ્વર સ્વામી અસંગાનંદ સરસ્વતી મહારાજનું અભિવાદન કર્યું.
૨. શ્રી તૃષારભાઈ પંડ્યાએ, જેમની વાણીમાં સાક્ષાત્ સરસ્વતીનો વાસ છે તેવા પ.પૂ. શંકરમહારાજનું અભિવાદન કર્યું.
૩. શ્રી ભાવેશભાઈ રાવલે, જેમનું જીવન નિર્મળ-પવિત્ર છે અને જેમના હૃદયમાં કરુણા છલકાઈ રહી છે તેવા સંત શ્રી બટુકમહારાજનું અભિવાદન કર્યું.
૪. શ્રી જ્યોતિબેન પંડ્યાએ, જેમનું જીવન સાદગી અને સરલતાથી ભરેલું છે તેવાં કલિયુગનાં શબરીબાઈ-શ્રી સવિતાબેનનું અભિવાદન કર્યું.
૫. શ્રી મહેન્દ્રભાઈ પટેલે, સદ્‌ધર્મ - ગુરુ-સંતપ્રેમી અને માતાનો પડ્યો બોલ ઝીલનાર આ યુગના શ્રવણ શ્રી અનિલભાઈનું અભિવાદન કર્યું.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.

આ બેમાંથી કોનો વિકાસ થયો કહેવાય ?

ગુરુપૂર્ણિમા નિમિત્તે

- યોગભિક્ષુ ● ડૉ. સ.સ. ભિક્ષુ

એક વ્યક્તિ છે, તેને કોઈ પણ પ્રકારની સગવડ મળતી નથી, તે આખો દિવસ મજૂરી કરે છે, ડુંગળી ને રોટલો ખાય છે, તેને કોઈ પણ પ્રકારની દવા લેવી પડતી નથી, છતાંય તે મસ્ત અને મજબૂત રહે છે. રાત્રે સાદી પથારીમાં કે જમીન પર હાથનું ઓશીકું કરીને સવાર સુધી ઘસઘસાટ...... ઊંઘી જાય છે.

અને -

બીજી એક વ્યક્તિ છે, જેને બધી સગવડો મળે છે, આરામથી રહે છે, માલમલીદા ખાય છે, તેને ખૂબ દવા પણ લેવી પડે છે, છતાંય તે સુસ્ત, કમજોર અને માંદલો રહે છે. તે રાત્રે એ.સી.માં અને ડનલોપના ગાદલામાં સૂએ છે, ઊંઘની દવા પણ લે છે, છતાંય તેને ઊંઘ આવતી નથી. આખી રાત પડખાં ફેરવી ફેરવીને કાઢે છે.

હવે તમે જ કહો કે, ઉપરોક્ત બેમાંથી કોનો વિકાસ થયો કહેવાય ? વિકાસ તો સુખી થવા માટે જ કરવાનો હોય ને ?

જે પોતાને સુખી માને છે, જેને દુઃખની ખબર નથી તેને "તું દુઃખી છે - દુઃખી છે" એમ કહી-કહીને તેનો નિશ્ચય અને વિશ્વાસ ડગાવીને તેને દુઃખી કરનાર તેનો સાચો મિત્ર કે હિતેચ્છુ નથી જ નથી.

પત્રાંશ

તા. ૧૦-૦૮-૨૦૧૪

પૂજ્ય ભાઈ યોગભિક્ષુજી,

સાદર પ્રણામ-શુભકામના

रिक्त नही तुम अभिसिकत हो गये। प्रभुकृपा से लघु से गुरु बनकर लघुता को हठा रहे हो। गुरुता का प्रागट्य होता है विश्व कल्याण के लिये। योग-युक्त ब्रह्मर्षि को ही आशीर्वाद देनेका पूर्ण अधिकार है। फीर भी आज भगिनी के नाते मैं आपको आशिष देती हूं और प्रार्थना करती हूं कि आप रिद्धि-सिद्धि-भक्ति पाकर शुद्ध-बुद्ध-मुक्त हो।

જયાબહેન - વંદન, જયનારાયણ

★ ★ ★

અમદાવાદ

તા. ૦૬-૦૮-૨૦૧૪

પૂજ્યશ્રી,

સાદર પ્રણામ,

આપની તબિયત અંગે ચિંતા રહે છે. ઈશ્વર આપના સ્વાસ્થ્યની રક્ષા કરે તેવી પ્રાર્થના.

રાખડી સાથે પત્ર લખેલ છે. પ્રતિ રક્ષાની રાહ જોઈશ. આપની તબિયત ઠીક હોય અને જ્યારે લખી શકાય ત્યારે પણ આપના હસ્તાક્ષરની અપેક્ષા રહે છે.

જયાબેન લલિતભાઈ

જાગૃતિ - જયનારાયણ સા. પ્રણામ

ઓમ્ પરિવાર વતી બ્રહ્મચોર્યાસીનો પ્રસંગ ઉમરેઠમાં ઊજવાયાના સમાચાર, પૂ. ગુરુદેવશ્રીના ૮૬મા વર્ષમાં પ્રવેશ નિમિત્તેના સમાચાર જાણી આનંદ થયો. આટલા લોકોએ આપના સ્વાસ્થ્ય માટે શુભ પ્રાર્થના કરી શુભેચ્છા પાઠવી તે અતિઆનંદની વાત છે.

આવા પ્રસંગો પ્રાંગધ્રામાં વર્ષો પહેલાં રાજપરિવાર તરફથી થતા. પછી ક્યારેય સાંભળ્યું નહોતું. આજે આવા શુભ પ્રગંગનું આયોજન થયું તેથી આનંદ થયો અને તે પણ ઓમપરિવાર તરફથી આપના શુભ પ્રસંગ નિમિત્તે હોવાથી વિશેષ આનંદ થયો.

જયાબેન, જાગૃતિ

તા. ૦૯-૦૭-૨૦૧૪

પ્રતિશ્રી ડૉ. સોમાભાઈ,

વિષય : આજીવન લવાજમ ગ્રાહક નં. ૧૦૭૬

મે. ડૉ. સાહેબ

જય ભારત સાથે જણાવવાનું કે, મેં અગાઉ ઘણાં વર્ષો પહેલાં આજીવન લવાજમ રૂ. ૨૫૦/- ભર્યા હતા. મારો ગ્રાહક નં. **૧૦૭૬** છે. આજના જમાનામાં આ લવાજમ ઘણું ઓછું પડે તેથી વધારાના રૂ. ૨૫૦/-નો ચેક આજીવન લવાજમ પેટે મોકલ્યો છે, જે સ્વીકારવા વિનંતી છે.

જૂના ગ્રાહકોને આપ અપીલ કરશો તો ઘણા ગ્રાહકો લવાજમ ભરશે.

આપનો વિશ્વાસુ

મે. જયેશ કન્સ્ટ્રક્શન - નવસારી

ભાગીદાર

★ ★ ★

તા. ૦૯-૦૭-૨૦૧૪

પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

તમારો ગુરુપૂર્ણિમા નિમિત્તેનો કાગળ અને નિમંત્રણ મળ્યાં.

૧. 'નારી યૌનશોષણ વિશે વાંચ્યું. તથા, 'શા માટે પરણવાનું છે' - એ પણ

૨. ગુરુમહિમા પુસ્તકમાંથી સાભાર, પણ વાંચ્યું.

૩. વિકાસ ! વિકાસ...!! વિકાસ...!!! પણ વાંચ્યું.

ખૂબ જ સરસ અને ઉત્તમ. Informative, educative and enlighting. ખૂબ ખૂબ આભાર.

દિલજિત ચ. શાહના પાયે લાગુ

એન. ગોપાલદાસ એન્ડ કું.

તિરુચિરાપલ્લી-તામિલનાડુ

★ ★ ★

॥ श्री हरि: ॥

'सुफल मनोरथ होउ तुम्हारे'

प्रिय स्वजन,

जय श्री कृष्ण,

आप के यहां हो रहे मंगल प्रसंग पर हार्दिक अभिनंदन और हृदय की शुभकामना, आशिष.

– रमेशभाई ओझा (भाईश्री)

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है ।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણોના તથા પ્રેરક પ્રસંગોના લેખો આવકાર્ય છે.

લવાજમદર :

ત્રિવાર્ષિક સભ્ય (ભારતમાં)	...	₹	૧૦૦-૦૦
આજીવન સભ્ય (ભારતમાં)	...	₹	૫૦૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં)	...	$	૧૫-૦૦
આજીવન સભ્ય (પરદેશમાં)	...	$	૧૫૦-૦૦
છૂટક નકલની કિંમત	...	₹	૧૦-૦૦

લવાજમ મોકલવાનું કે "ૠતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ (સ.સ. ભિક્ષુ)
૩/બ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

(૨) નૈષધભાઈ સી. વ્યાસ
"સ્વાશ્રય",
૩. ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણિનગર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૮

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.

Registrar of News Papers of India under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91

To,

આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
(Reg. No. E/4416 Date 11-5-81)
From : :-3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad-13
Printed at : Shardul Printing Press
Hon. Editor : Naishadh Vyas
I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09

Web : www.aumparivar.com
E-mail : aumparivar@yahoo.com

Web : www.yogabhikshu.org
Facebook : yogabhikshu.aumparivar